નોંધઃ-

૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટેજ છે. જેને સત્તા વાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોયતો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

## તા.૦૩/૦૫/૨૦૧૭

પેટલાદ નગરપાલિકાની ખાસ સામાન્ય સભાની બેઠક આજ તા.૦૩/૦૫/૨૦૧૭ ને બુધવારનાં રોજ સવારનાં ૧૦=૦૦ કલાકે પેટલાદ નગરપાલિકા કાર્યાલયનાં સભાખંડમાં મળી જેમાં મુકરર તારીખ અને નિયત કરેલ સમયે નીચે જણાવેલ સભ્યશ્રીઓ હાજર રહ્યાં હતાં.

(૧) શ્રીમતિ નયનાબેન. આર. પટેલ
(૨) શ્રીમતિ ગૌરીબેન. કે. તળપદા
(૩) શ્રી ગોવિંદભાઇ આર. તળપદા
(૪) શ્રી ઇમદાદઅલી. જે. સૈયદ
(૫) શ્રીમતિ જયાબેન. એ. વાઘેલા
(૬) શ્રીમતિ રેણુકાબેન. આર. વાઘેલા
(૭) શ્રી રસિકભાઇ. જે. મકવાણા
(૮) શ્રી સૌરભભાઇ. એન. પટેલ
(૯) શ્રીમતિ ગીતાબેન. એ. પટેલ
(૧૦) શ્રીમતિ હેતલબેન. એ. પટેલ
(૧૧) શ્રી પુનિતકુમાર. એમ. ડાભી
(૧૨) શ્રી ભાવિનકુમાર. એમ. પટેલ
(૧૩) શ્રીમતિ રેહાનાબાનું એ. ખલીફા
(૧૪) શ્રી ફઇમાબાનું ડી. મલેક
(૧૫) શ્રી રીફાકતખાન. એમ. પઠાણ
(૧૬) શ્રી આરીફખાન. જે. સૈયદ (પઠાણ)
(૧૭) શ્રીમતિ દિપાલીબેન. એચ. શાહ
(૧૮) શ્રીમતિ રીટાબેન. યુ. શાહ
(૧૯) શ્રી ગોપાલભાઇ. એમ. ગાંધી
(૨૦) શ્રી નિરંજનભાઇ. પી. પટેલ
(૨૧) શ્રીમતિ કલ્પનાબેન. આર. પટેલ
(૨૨) શ્રીમતિ જૈમિનીબેન. આર. પટેલ
(૨૩) શ્રી જયેશકુમાર. કે. પટેલ
(૨૪) શ્રી વિઠ્ઠલભાઇ. આર. પટેલ
(૨૫) શ્રીમતિ નફીસાબાનું જે. શેખ
(૨૬) શ્રી ગુલામદસ્તગીર. એન. વ્હોરા
(૨૭) શ્રી ફરીદખાન. ડી. પઠાણ
(૨૮) શ્રીમતિ નબીયનનીશાં. કે. ખાટકી
(૨૯) શ્રીમતિ સાયનાબીબી. એમ. સૈયદ
(૩૦) શ્રી અબરારબેગ. ડી. મિરઝાં
(૩૧) શ્રી મુન્તજીમોદ્દીન. એન. કાજી
(૩૨) શ્રીમતિ મિનાક્ષીબેન. એમ. મકવાણા
(૩૩) શ્રીમતિ જુબેદાબાનુ. આર. પઠાણ
(૩૪) શ્રી વિજયભાઇ. સી. તળપદા
(૩૫) શ્રી અસ્લમબેગ. એ. મિરઝાં

ઉપર જણાવેલ સભ્યશ્રીઓની હાજરીથી જરૂરી કોરમ થતું હોવાથી આજની સભાની કાર્યવાહી શરૂ કરવામાં આવી.

નોંધઃ-

૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટેજ છે. જેને સત્તા<વાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોયતો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

નોંધઃ-

**૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટેજ છે. જેને સત્તાકવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.**

**૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોયતો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.**

પેટલાદ નગરપાલિકાનાં હાલનાં ચાલુ બોર્ડનાં વર્તમાન પ્રમુખ શ્રીમતિ રેણુકાબેન. આર. વાઘેલા તથા ઉપપ્રમુખ શ્રી ઇમદાદઅલી જે. સૈયદ સામે મ્યુનિ. સભ્ય શ્રીમતિ દિપાલીબેન. એચ. શાહ તથા અન્ય ૧૩(તેર) સભ્યશ્રીઓની સહીથી અવિશ્વાસની દરખાસ્ત રજૂ થયેલ હતી. જેથી ગુજરાત મ્યુનિસિપાલિટીઝ અધિનિયમ ૧૯૬૩ ની કલમ ૫૧(૨) મુજબ પ્રાપ્ત થયેલ અધિકાર હેઠળ હાલનાં ઉપપ્રમુખશ્રીએ આ અંગે તા.૨૫/૦૪/૨૦૧૭ નાં રોજ ખાસ સભા બોલાવવામાં આવેલ હતી. આ સમયગાળા દરમ્યાન મ્યુનિ. સભ્ય શ્રીમતિ દિપાલીબેન. એચ. શાહ દ્વારા નામદાર હાઇકોર્ટમાં સ્પેશીયલ સીવીલ એપ્લીકેશન નં.૮૩૩૫/૨૦૧૭ થી એપ્લીકેશન દાખલ કરવામાં આવેલ હતી. પરંતુ તા.૨૫/૦૪/૨૦૧૭ નાં રોજ યોજાયેલ બેઠકમાં સામાન્ય સભાનાં ઠરાવ નં.૧/તા.૨૫/૦૪/૨૦૧૭ થી સદર રજૂ થયેલ અવિશ્વાસ પ્રસ્તાવને મુલત્વી રાખવા ઠરાવેલ હતું. જેથી ઉપપ્રમુખશ્રીએ પ્રાપ્ત અધિકાર અન્વયે તા.૦૩/૦૫/૨૦૧૭ નાં રોજ ખાસ સામાન્ય સભા બોલાવવામાં આવેલ હતી. આ બાબતે મ્યુનિ. સભ્ય અને પ્રમુખ શ્રીમતિ રેણુકાબેન. આર. વાઘેલાએ નામદાર હાઇકોર્ટમાં સ્પેશીયલ સીવીલ એપ્લીકેશન નં. ૯૧૫૦/૨૦૧૭ થી દાખલ કરેલ એપ્લીકેશન પરત્વે નામદાર હાઇકોર્ટ દ્વારા તા.૦૨/૦૫/૨૦૧૭ નાં રોજ ઉપરોકત કામને તા.૦૬/૦૬/૦૨૦૧૭ સુધી સ્થગિત કરતો હુકમ કરવામાં આવેલ છે. તે આધારે આજની સભાની કોઇ કાર્યવાહી થઇ શકે નહિં. તેથી આ હુકમ અન્વયે આજની સભા મોકૂફ રાખવા ઠરાવવામાં આવ્યુ.

ત્યારબાદ ભારતનાં છત્તીસગઢમાં નકસલવાદીઓ દ્વારા થયેલ હુમલામાં શહીદ થયેલ દેશનાં સૈનિકોને તથા પૂંચમાં શહીદ થયેલ જવાનોને શ્રધ્ધાંજલિ અર્પણ કરવા સભાખંડમાં ઉપસ્થિત દરેકે પોતાનાં સ્થાન પર ઊભા થઇ બે મિનિટનું મૌન પાળી સદ્‌ગતનાં આત્માને હૃદયપૂર્વક શ્રધ્ધાંજલિ અર્પણ કરવામાં આવી.

આ સિવાય અન્ય કોઇ કામકાજ ન હોવાથી આજની સભાનાં સભા અધ્યક્ષ અને મે. ચીફ ઓફિસરશ્રીએ આજની સભાની કામગીરી પૂર્ણ થતાં સભા બરખાસ્ત કરવા જાહેરાત કરી.

સહી/-
(સુ.શ્રી. હિરલ એચ. ઠાકર)
સભા અધ્યક્ષ
અને
ચીફ ઓફિસર
પેટલાદ નગરપાલિકા


નોંધઃ-

**૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટેજ છે. જેને સત્તા.વાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.**

**૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોયતો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.**

નોંધઃ-

૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટેજ છે. જેને સત્તા`વાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોયતો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

**તા.૧૩/૧૦/૨૦૧૭**

પેટલાદ નગરપાલિકાની ખાસ સામાન્ય સભાની બેઠક આજ તા.૧૩/૧૦/૨૦૧૭ ને શુક્રવારનાં રોજ બપોરનાં ૦૩=૩૦ કલાકે પેટલાદ નગરપાલિકા કાર્યાલયનાં સભાખંડમાં મળી જેમાં મુકરર તારીખ અને નિયત કરેલ સમયે નીચે જણાવેલ સભ્યશ્રીઓ હાજર રહ્યાં હતાં.

| | | |
|---|---|---|
| (૧) | શ્રીમતિ જૈમિનીબેન. આર. પટેલ | પ્રમુખશ્રી |
| (૨) | શ્રીમતિ નયનાબેન. આર. પટેલ | સભ્ય શ્રી |
| (૩) | શ્રીમતિ ગૌરીબેન. કે. તળપદા | ” |
| (૪) | શ્રી ગોવિંદભાઇ આર. તળપદા | ” |
| (૫) | શ્રીમતિ રેણુકાબેન. આર. વાઘેલા | ” |
| (૬) | શ્રીમતિ હેતલબેન. એ. પટેલ | ” |
| (૭) | શ્રી પુનિતકુમાર. એમ. ડાભી | ” |
| (૮) | શ્રી ભાવિનકુમાર. એમ. પટેલ | ” |
| (૯) | શ્રી રીફાકતખાન. એમ. પઠાણ | ” |
| (૧૦) | શ્રીમતિ દિપાલીબેન. એચ. શાહ | ” |
| (૧૧) | શ્રીમતિ રીટાબેન. યુ. શાહ | ” |
| (૧૨) | શ્રી ગોપાલભાઇ. એમ. ગાંધી | ” |
| (૧૩) | શ્રીમતિ કલ્પનાબેન. આર. પટેલ | ” |
| (૧૪) | શ્રી જયેશકુમાર. કે. પટેલ | ” |
| (૧૫) | શ્રી વિઠ્ઠલભાઇ. આર. પટેલ | ” |
| (૧૬) | શ્રી ગુલામદસ્તગીર. એન. વ્હોરા | ” |
| (૧૭) | શ્રીમતિ સાયનાબીબી. એમ. સૈયદ | ” |
| (૧૮) | શ્રી અબરારબેગ. ડી. મિરઝાં | ” |
| (૧૯) | શ્રી મુન્તજીમોદ્દીન. એન. કાજી | ” |
| (૨૦) | શ્રીમતિ જુબેદાબાનુ. આર. પઠાણ | ” |

આમ, ઉપર જણાવ્યા મુજબનાં સભ્યશ્રીઓની હાજરીથી આજની બેઠકનું જરૂરી કોરમ થતું હોવાથી બેઠકનું કામકાજ શરૂ કરવામાં આવ્યું. રા.પ્રમુખશ્રીએ સભાનું અધ્યક્ષસ્થાન લેતાં બેઠકની કાર્યવાહી શરૂ કરવા રા.અધ્યક્ષશ્રીએ આદેશ કર્યો.

સભાની કાર્યવાહી શરૂ કરતાં પહેલાં સંસ્થાનાં ચીફ ઓફિસરશ્રીએ તાજેતરમાં નવનિયુક્તિ પામેલ પ્રમુખશ્રીને શુભેચ્છા પાઠવી આવકાર્યા.

ત્યારબાદ સભાગૃહની પ્રણાલી મુજબ આજની બેઠકનાં એજન્ડા ઉપરનાં કામ નં.૧ કે જે શોક ઠરાવ પસાર કરી શ્રધ્ધાંજલિ અર્પણ કરવા બાબતનું કામ સૌપ્રથમ હાથ ધરવામાં આવ્યું અને શોક ઠરાવ સભાગૃહમાં વંચાણમાં લીધો.

નોંધઃ-

૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટેજ છે. જેને સત્તાyવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોયતો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

**કામ નં. (૧) :** શોક ઠરાવ પસાર કરી શ્રધ્ધાંજલિ અર્પણ કરવા બાબત.

**ઠરાવ નં. ૨ / તા.૧૩/૧૦/૧૭**

શોક ઠરાવ

ભારતનાં સરહદ પર દેશ કાજે ફરજ બજાવતાં સૈનિકો તેઓની ફરજ દરમ્યાન દેશ માટે શહીદ થયેલ છે. તેવા વીર સૈનિકોને શ્રધ્ધાંજલિ અર્પણ કરવા ઠરાવવામાં આવે છે.

પેટલાદ નગરપાલિકાનાં વર્તમાન પ્રમુખ શ્રીમતિ જૈમિનીબેન. આર. પટેલનાં પિતાશ્રીનું તથા મ્યુનિ. સભ્ય શ્રી રીફાકતખાન એમ. પઠાણનાં પિતાશ્રીનું તાજેતરમાં હૃદયરોગનો હુમલો થવાથી તેઓની જૈફ વયે થયેલ દુઃખદ અવસાન પરત્વે શ્રધ્ધાંજલિ અર્પણ કરવા ઠરાવવામાં આવે છે. તેઓનાં અવસાનથી તેમનાં પરિવાર ઉપર આકસ્મિક રીતે આવી પડેલ દુઃખ અને આઘાત સહન કરવાની શકિત પ્રભુ અર્પે તેવી ઇશ્વર પાસે પ્રાર્થના.

પેટલાદ નગરપાલિકામાં કાયમી કર્મચારીની ફરજ બજાવતાં કર્મચારી શ્રી વિલિયમભાઇ ડી. પરમારનાં તથા શ્રી જયેન્દ્રભાઇ. જે. પટેલનાં માતૃશ્રીનાં હૃદયરોગનાં હુમલાથી આકસ્મિક રીતે થયેલ દુઃખદ અવસાન પરત્વે આજની સભા દુઃખ વ્યકત કરી શ્રધ્ધાંજલિ અર્પણ કરવા ઠરાવવામાં આવે છે.

આમ, દિવંગતોનાં આત્માને ઇશ્વર ચિર શાંતિ અર્પે તેવી પ્રાર્થના કરવામાં આવે છે. અને આ શોક ઠરાવ પસાર કરવામાં આવે છે. તેમજ દિવંગતોનાં આત્માને શ્રધ્ધાંજલિ અર્પણ કરવા આજની સભામાં ઉપસ્થિત સર્વેએ બે મીનીટનું મૌન પાળી પ્રાર્થના કરી શ્રધ્ધાંજલિ અર્પણ કરવા ઠરાવવામાં આવે છે.

સહી/-
(શ્રીમતિ જૈમિનીબેન. આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

શોક ઠરાવ સભાગૃહમાં વંચાણમાં લઇ સભાગૃહમાં ઉપસ્થિત સર્વેએ શ્રધ્ધાંજલિ અર્પણ કરવા પોતાનાં સ્થાને ઊભા થઇ બે મીનીટનું મૌન પાળવામાં આવ્યું.

મૌનનો સમય પૂર્ણ થતાં રા.અધ્યક્ષશ્રીએ આજની સભાની કાર્યવાહી શરૂ કરવા આદેશ કર્યો.
આજની બેઠકની કાર્યવાહી શરૂ કરવામાં આવતાં સૌપ્રથમ રા.અધ્યક્ષ સ્થાનેથી રજૂ થયેલ નીચે જણાવ્યા મુજબનાં જરૂરી વિષય તરીકેનાં કામોની યાદી વંચાણમાં લીધી.

* જરૂરી વિષયનાં કામ :-

(૧) પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં જેત્રાનાં વડ પાસે આવેલ ટી.પી. સ્કીમ નં.૩માં સમાવેશ થયેલ બસ સ્ટેન્ડથી કાળકાગેટ તરફનાં રસ્તા પર આવેલ કાચા કેબીનોને બદલે નવિન શોપિંગ સેન્ટર એક સીધી રેખામાં બનાવી આ કેબીન ધારકોને દુકાનો ફાળવવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

(૨) પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ દેવકુવા ગફુરબસ્તીની સામેનાં ભાગમાં નગરપાલિકા હસ્તકનાં ટી.પી. સ્કીમ નં.૨ નાં ફા. પ્લોટ નં.૭૯/૧/૧ વાળા સરકારી પ્લોટમાં કોમ્યુનિટી હોલ બનાવવા અંગે આવેલ અરજી તથા રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

(૩) આણંદ ખાતે નામદાર લેબર કોર્ટમાં પેટલાદ નગરપાલિકાનાં ચાલતાં જુદા જુદા કેસો બાબતે વાર્ષિક રીટેઇનરશીપની ફી થી વકીલશ્રી રોકવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

(૪) પેટલાદ નગરપાલિકાનાં ચાલતાં વિવિધ કેસો તથા ઉદ્ભવતા કેસો માટે નગરપાલિકાનાં વકીલશ્રી રોકવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

(૫) નામદાર હાઇકોર્ટમાં પેટલાદ નગરપાલિકાનાં ચાલતાં વિવિધ કેસો તથા નવિન ઉદ્ભવતા કેસો માટે નગરપાલિકાનાં વકીલશ્રી રોકવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

(૬) મ્યુનિ. સભ્ય શ્રી વિજયભાઇ. સી. તળપદા તથા શ્રી ફરીદખાન. ડી. પઠાણનાં આવેલ રજાનાં રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

ઉપર જણાવ્યા મુજબનાં જરૂરી વિષય તરીકેનાં કામોની યાદી વંચાણમાં લેતાં તેને સર્વાનુમતે ગ્રાહ્ય રાખવામાં આવ્યાં.ત્યારબાદ આજની સભાનાં એજન્ડા ઉપરનાં કામો તેની કાર્યસૂચિનાં ક્રમાનુસાર હાથ ધરવા રા.અધ્યક્ષશ્રીએ આદેશ કર્યો.

નોંધ:-

**૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટેજ છે. જેને સત્તાાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.**

**૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોયતો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.**

**કામ નં. (૨)** : પેટલાદ નગરપાલિકાની ગત મળેલ સામાન્ય સભાનું પ્રોસીડીગ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૩ / તા.૧૩/૧૦/૧૭**

પેટલાદ નગરપાલિકાની ખાસ સામાન્ય સભા તા.૦૩/૦૫/૨૦૧૭ નાં રોજ મળેલ હતી જે ગત મળેલ ખાસ સામન્ય સભાનાં પ્રોસીડીગને વંચાણમાં લીધા તુલ્ય સમજી તેને સર્વાનુમતે મંજુર કરવા ઠરાવવામાં આવે છે.

સહી/-
(શ્રીમતિ જૈમિનીબેન. આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૩)** : પેટલાદ નગરપાલિકા દ્વારા તા.૧૫/૦૪/૨૦૧૭ નાં રોજ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ મિલકતોમાં ઘનકચરાનો સુયોગ્ય નિકાલ કરવા અંગે જરૂરી પ્લાસ્ટીકનાં ડસ્ટબીન ખરીદ કરવા અંગે કરેલ સરકયુલર ઠરાવ નં.-૧ ને બહાલી આપવા બાબત.

**ઠરાવ નં. ૪ / તા.૧૩/૧૦/૧૭**

મ્યુનિ. સભ્ય શ્રી અબરારબેગ. ડી. મિરઝાં, શ્રી મુન્તજીમોદ્દીન. એન. કાજીનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

***<u>સરકયુલર ઠરાવ નં. ૧ તા. ૧૫/૦૪/૨૦૧૭</u>***

**ઠરાવનો વિષય** :- ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ દ્વારા પેટલાદ નગરપાલિકાને ફાળવવામાં આવેલ મનોરંજન કરની ગ્રાન્ટની રકમમાંથી પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ તમામ મિલકતોમાં ઘનકચરાનો સુયોગ્ય નિકાલ કરવા અંગે જરૂરી પ્લાસ્ટીકનાં ડસ્ટબીન ખરીદ કરવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**<u>ઠરાવ</u>**

આથી ઠરાવવામાં આવે છે કે, સરકારશ્રી દ્વારા સ્વચ્છ ભારત અભિયાન અમલમાં છે. તે અંતર્ગત સરકારશ્રી દ્વારા સને ૨૦૧૯ નું વર્ષ પૂજય મહાત્મા ગાંધીજીની ૧૫૦ મી પૂણ્યતિથિ હોવાથી " મહાત્મા ગાંધી જન્મજયંતિ વર્ષ " તરીકે ઉજવવામાં આવનાર છે. હાલમાં ૫ મી જૂન ૨૦૧૭ "વિશ્વ પર્યાવરણ દિન" ની ઉજવણી કરવાનાં ભાગરૂપે ઘણકચરાનું શરૂઆતથી જ વર્ગીકરણ કરવા બાબતે ભાર મુકવામાં આવેલ છે. અને તે અંગે કરેલ કાર્યવાહીની માહિતી વારંવાર સરકારશ્રીમાંથી માંગવામાં આવે છે. તેથી પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ તમામ મિલકતોના રોજબરોજના નિકળતા ઘનકચરાનો વર્ગીકરણ આધારિત નિકાલ થાય તેવી ઘટતી કાર્યવાહી કરવાની થાય છે. આ માટે સૂકો અને ભીનો કચરો અલગ અલગ નિકાલ કરી શકાય તેવા આશયથી એમ.એસ.રૂલ્સ અન્વયે લીલા અને વાદળી રંગનાં ડસ્ટબીનમાં કચરો અકત્રિત કરવાનો થાય છે. અને સરકારશ્રીમાંથી મળેલ સૂચના અન્વયે ૫ મી જૂન પહેલાં કુલ કેટલી મિલકતોનાં ઘન કચરાનો નિકાલ વાદળી અને લાલ ડસ્ટબીનમાં ભીનો અને સૂકો કચરો અલગ અલગ રાખવામાં આવશે તે અંગેની પ્રતિજ્ઞા લઇ કરેલ કાર્યવાહીની માહિતી મોકલવાની થાય છે. જેથી ઘરઉપયોગી નાની સાઇઝનાં અલગ અલગ રંગનાં ડસ્ટબીન ખરીદ કરવાનાં થાય છે. સરકારશ્રીનાં ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ, ગાંધીનગર દ્વારા મનોરંજન કરની ગ્રાન્ટની રકમ પેટલાદ નગરપાલિકાને ફાળવવામાં આવેલ છે. સદર ફાળવેલ ગ્રાન્ટની રકમમાંથી આ કામગીરી કરાવી શકાય તેમ છે. જેથી પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ અંદાજીત ૧૮૦૦૦ મિલકતો માટે જરૂરી લીલા અને વાદળી રંગના પ્લાસ્ટિકના નાની યોગ્ય સાઇઝનાં ડસ્ટબીન ખરીદ કરવા ઠરાવવામાં આવે છે. સદર કામે આવેલ એક નંગનાં રૂા.૧૦૦/- નો અંદાજીત ખર્ચ જોઇ તપાસી મંજુર કરવા ઠરાવવામાં આવે છે. ફાળવેલ ગ્રાન્ટ ઉપરાંત થનાર વધારાનો ખર્ચ પેટલાદ નગરપાલિકાનાં સ્વભંડોળમાંથી કરવા ઠરાવવામાં આવે છે. જે બાબત સમયમર્યાદામાં કરવાની થતી હોઇ આ સરક્યુલર ઠરાવથી ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવા મે.ચીફ ઓફિસરશ્રીને અને રા.પ્રમુખશ્રીને અધિકાર આપવા ઠરાવવામાં આવે છે.

સહી/-
(શ્રીમતિ રેણુકાબેન. આર. વાઘેલા)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

આમ, ઉપરોકત કરેલ સરકયુલર ઠરાવને સર્વાનુમતે બહાલી આપવા ઠરાવવામાં આવે છે.

સહી/-
(શ્રીમતિ જૈમિનીબેન. આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**નોંધ:-૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટેજ છે. જેને સત્તાાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.**

**૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોયતો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.**

નોંધઃ-

૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટેજ છે. જેને સત્તાાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોયતો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

**કામ નં. (૪)** : પેટલાદ નગરપાલિકા દ્વારા તા.૧૧/૦૯/૨૦૧૭ નાં રોજ ધી સ્ટ્રીટ વેન્ડર એકટ ૨૦૧૪ ની કલમ ૩૮ અન્વયેની સ્કીમ અંગે સર્ટીફીકેટ ઓફ વેન્ડીગ નો મુસદ્દો તથા તેને આનુસાંગિક કામો બાબતે કરેલ સરકયુલર ઠરાવ નં.-૨ ને બહાલી આપવા બાબત

**ઠરાવ નં. ૫ / તા.૧૩/૧૦/૧૭**

મ્યુનિ. સભ્ય શ્રી અબરારબેગ. ડી. મિરઝાં, શ્રી રીફાકતખાન. એમ. પઠાણનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

***સરકયુલર ઠરાવ નં. ૨ તા. ૧૧/૦૯/૨૦૧૭***

**ઠરાવનો વિષય :-**

**૧.** ધી સ્ટ્રીટ વેન્ડર્સ (પ્રોટેકશન ઓફ લાઇવલીહૂડ એન્ડ રેગ્યુલેશન ઓફ સ્ટ્રીટ વેન્ડીગ) એકટ, ૨૦૧૪ ની કલમ ૩૮ અન્વયેની સ્કીમ અંગે સર્ટીફીકેટ ઓફ વેન્ડીગનો જે મુસદ્દો જી.યુ.એલ.એમ. દ્વારા સ્કીમ જોડે જોડેલ છે. તે વંચાણમાં લઇ મંજુર કરવા બાબત.

**૨.** શેરી ફેરીયાઓને આપવાનાં થતાં ઓળખપત્ર અન્વયે જી.યુ.એલ.એમ. દ્વારા જે નમૂનો નક્કી કરવામાં આવે તે પેટલાદ નગરપાલિકાને માન્ય રહેવા અંગે આવેલ પત્ર વંચાણમાં લઇ સર્વાનુમતે મંજુર કરવામાં આવે છે.

**૩.** શેરી ફેરીયાઓનાં સર્વે માટે અને સીટી સ્ટ્રીટ વેન્ડીગ પ્લાન બનાવવાની કામગીરી માટે રાજય સરકારનાં જી.યુ.એલ.એમ. દ્વારા નક્કી કરવામાં આવેલ એજન્સી દ્વારા સર્વે અને સીટી સ્ટ્રીટ વેન્ડીગ પ્લાન બનાવવા અંગે મંજુરી આપવા બાબતનો આવેલ પત્ર વંચાણમાં લઇ સર્વાનુમતે મંજુર કરવામાં આવે છે.

**ઠરાવ**

આથી આ સરકયુલર ઠરાવથી ઠરાવવામાં આવે છે કે, ધી સ્ટ્રીટ વેન્ડીગ એકટ ૨૦૧૪ ની કલમ ૩૮ અન્વયે સ્ટ્રીટ વેન્ડર સ્કીમ બનાવવાની થાય છે. આ બાબતે સરકારશ્રીમાંથી પત્ર ક્રમાંક : જી.યુ.એલ.એમ. / એસ.જી.એસ.વી. / ૨૦૧૬-૧૭ અન્વયે પેટલાદ નગરપાલિકાને સદર બાબતે ઠરાવ કરવા જણાવેલ છે જે અંતર્ગત તારીખ ૦૪/૦૭/૨૦૧૭ ના રોજ ઉપરોકત મુજબ જણાવેલ ૩(ત્રણ) કામો માટે પ્રોવિઝનલ ટાઉન વેન્ડીગ કમીટીની મીટીગ થયેલ છે. જેમાં સર્વાનુમતે ઠરાવ પસાર કરવામાં આવેલ છે. સદર મુદ્દાનાં ઠરાવો સામાન્ય સભામાં મંજુર કરી સરકારશ્રીમાં મોકલી આપવાનાં થાય છે. જે બાબતે સમયમર્યાદામાં કરવાની થતી હોય આ સરકયુલર ઠરાવથી ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવા મે.ચીફ ઓફિસરશ્રીને અને રા.પ્રમુખશ્રીને અધિકાર આપવા ઠરાવવામાં આવે છે.

સહી/-
(શ્રીમતિ જૈમિનીબેન. આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

આમ, ઉપરોકત કરેલ સરકયુલર ઠરાવને સર્વાનુમતે બહાલી આપવા ઠરાવવામાં આવે છે.

સહી/-
(શ્રીમતિ જૈમિનીબેન. આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોંધઃ-

૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટેજ છે. જેને સત્તા|વાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોયતો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

નોંધઃ-

૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટેજ છે. જેને સત્તાકવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોયતો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

**કામ નં. (૫) :** કારોબારી સમિતિની ભલામણ સહ પેટલાદ નગરપાલિકાનાં ભૂગર્ભ ગટર યોજનાની જરૂરી કામગીરી આઉટ સોર્સીસથી કરાવવા અંગે આવેલ કામ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૬ / તા.૧૩/૧૦/૧૭**

મ્યુનિ. સભ્ય શ્રી અબરારબેગ. ડી. મિરઝાં, શ્રી મુન્તજીમોદ્દીન. એન. કાજીનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

કારોબારી સમિતિની ભલામણ સહ પેટલાદ નગરપાલિકાનાં ભૂગર્ભ ગટર યોજનાની જરૂરી કામગીરી આઉટ સોર્સીસથી કરાવવા અંગે આવેલ કામ વંચાણમાં લીધું. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકાની ભૂગર્ભ ગટર યોજનાને ત્રણ ઝોનમાં વહેંચવામાં આવેલ છે. જેમાં એ ઝોન તથા સી ઝોન અગાઉ કાર્યરત હતો અને તેની રોજબરોજની કામગીરી કરવામાં આવતી હતી. જેમાં તાજેતરમાં બી ઝોન પણ કાર્યરત કરવામાં આવેલ છે. જેથી નવિન જોડાણ, સફાઇ, પંપ ચલાવવા વિગેરે જેવી કામગીરી કરવાની થાય છે. જેથી કામગીરીનાં ભારણમાં વધારો થવાથી વધુ કર્મચારીઓની જરૂરિયાત ઊભી થાય. આ માટે સરકારશ્રીમાં નવિન જગ્યાઓની ભરતી કરવા તથા મહેકમ મંજુરી માટે કાર્યવાહી હાથ ધરવામાં આવે તો તેમાં વિલંબ થવાની સંભાવના છે. જેથી ભૂગર્ભ ગટરની રોજબરોજની કામગીરી કરવાની થતી હોઇ આવી કામગીરી યોગ્ય કાર્યવાહીથી આઉટ સોર્સીસથી કરાવવા ઉચિત જણાય છે. તેથી પેટલાદ નગરપાલિકાનાં ભૂગર્ભ ગટર યોજનાની કામગીરી આઉટ સોર્સીસથી કરાવવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની જરૂરી તમામ આનુષાંગિક કામગીરી હાથ ધરવા મે.ચીફ ઓફિસરશ્રીને તથા રા.પ્રમુખશ્રીને સત્તા આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ જૈમિનીબેન. આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૬) :** કારોબારી સમિતિની ભલામણ સહ પેટલાદ નગરપાલિકામાં વસાવેલ વવિધ સોફ્ટવેરનાં વાર્ષિક મેન્ટેનન્સની કામગીરી આપવા અંગે કરેલ કાર્યવાહી તથા હુકમને બહાલી આપવા બાબતનું કામ.

**ઠરાવ નં. ૭ / તા.૧૩/૧૦/૧૭**

મ્યુનિ. સભ્ય શ્રી મુન્તજીમોદ્દીન. એન. કાજી, શ્રી અબરારબેગ. ડી. મિરઝાંનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

કારોબારી સમિતિની ભલામણ સહ પેટલાદ નગરપાલિકામાં વસાવેલ વવિધ સોફ્ટવેરનાં વાર્ષિક મેન્ટેનન્સની કામગીરી આપવા અંગે કરેલ કાર્યવાહી તથા હુકમને બહાલી આપવા બાબતનું કામ વંચાણમાં લીધું. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકામાં ઇ-ગવર્નન્સ અંતર્ગત જુદા જુદા વિભાગોની કામગીરીને અનુલક્ષીને પ્રોપર્ટી ટેક્ષ, મેરેજ રજીસ્ટ્રેશન, જન્મ-મરણ, વ્યવસાય વેરા વિગેરે જેવા સોફ્ટવેર જરૂરી કાર્યવાહી હાથ ધરી હિન્દુસ ઇન્ફોસીસ, અમદાવાદ પાસેથી ખરીદ કરવામાં આવેલ છે. આ સોફ્ટવેરનાં વાર્ષિક મેન્ટેનન્સ માટે ગત વર્ષે હિન્દુસ ઇન્ફોસીસ, અમદાવાદને સામાન્ય સભાનાં ઠરાવ નં.૧૬/ તા. ૦૯/૦૫/૨૦૧૬ થી ઠરાવ કરી કામગીરી સોંપવામાં આવેલ હતી. આ તમામ સોફ્ટવેર તેઓ પાસેથી જ ખરીદ કરેલ હોઇ મેન્ટેનન્સ કામગીરી સરળતાથી થઇ શકે છે. વધુમાં સોફ્ટવેર ખરીદ કર્યેથી ગત વર્ષ સુધી પ્રતિ વર્ષ આ એજન્સી પાસેથી આવી કામગીરી કરાવવામાં આવે છે. તેથી તેઓ અનુભવી અને જાણકાર પણ છે. તથા આ સમયગાળા દરમ્યાન તેઓની મેન્ટેનન્સની કામગીરી સંતોષકારક રહેલ છે. જે જોતાં આગામી નાણાંકીય વર્ષ માટે વાર્ષિક મેન્ટેનન્સની કામગીરી તેઓને સોંપવા હિતાવહ જણાય છે. તેથી પેટલાદ નગરપાલિકામાં વસાવેલ વિવિધ સોફ્ટવેરની વાર્ષિક મેન્ટેનન્સની કામગીરી સને ૨૦૧૭-૧૮ નાં વર્ષ માટે પણ હિન્દુસ ઇન્ફોસીસ, અમદાવાદને સોંપવા બાબતે સામાન્ય સભાની મંજુરીની અપેક્ષાએ રા.પ્રમુખશ્રીએ કરેલ કરેલ કાર્યવાહી તથા હુકમને બહાલી આપવા ઠરાવવામાં આવે છે. તથા તે અંગેનાં આવેલ રૂા.૬૫,૫૭૩/-નો ખર્ચ જોઇ તપાસી મંજુર કરવા ઠરાવવામાં આવે છે. સદર કામે થનાર ખર્ચ પેટલાદ નગરપાલિકાનાં સ્વભંડોળમાંથી કરવા ઠરાવવામાં આવે છે. આ અંગેની આગળની જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવા રા.પ્રમુખશ્રીને તથા મે.ચીફ ઓફિસરશ્રીને સત્તા આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ જૈમિનીબેન. આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોંધઃ-

૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટેજ છે. જેને સત્તા વાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોયતો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

નોંધઃ-

૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટેજ છે. જેને સત્તાકવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોયતો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

**કામ નં. (૭) :** કારોબારી સમિતિની ભલામણ સહ પેટલાદ નગરપાલિકાને સરકારશ્રી દ્વારા આઇ.એચ.એસ.ડી.પી યોજના અંતર્ગત આવાસોનાં બાંધકામ કરવા ગ્રાન્ટની રકમ ફાળવવામાં આવેલ હતી જે કામગીરી પૂર્ણ થતાં આ ગ્રાન્ટની બચત રહેલ રકમમાંથી સદર આવાસોનાં કુલ સાત બ્લોકની અગાસીમાં ટુકડી ટાઇલ્સ બેસાડવા અંગે આવેલ કામ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૮ / તા.૧૩/૧૦/૧૭**

મ્યુનિ. સભ્ય શ્રી અબરારબેગ. ડી. મિરઝાં, શ્રી મુન્તજીમોદ્દીન. એન. કાજીનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

કારોબારી સમિતિની ભલામણ સહ પેટલાદ નગરપાલિકાને સરકારશ્રી દ્વારા આઇ.એચ.એસ.ડી.પી. યોજના અંતર્ગત આવાસોનાં બાંધકામ કરવા ગ્રાન્ટની રકમ ફાળવવામાં આવેલ હતી. જે કામગીરી પૂર્ણ થતાં આ ગ્રાન્ટની બચત રહેલ રકમમાંથી સદર આવાસોનાં કુલ સાત બ્લોકની અગાસીમાં ટુકડી ટાઇલ્સ બેસાડવા અંગે આવેલ કામ વંચાણમાં લીધું. સારાસારનો વિચાર કરતાં સરકારશ્રીની આઇ.એચ.એસ.ડી.પી. યોજના અંતર્ગત આવાસોનાં બાંધકામ માટે પેટલાદ નગરપાલિકાને ગ્રાન્ટની રકમ ફાળવવામાં આવેલ હતી. જેમાંથી ઘટતી કાર્યવાહીથી કુલ ૨૨૪ આવાસોનું બાંધકામ પૂર્ણ કરવામાં આવતાં સદર ગ્રાન્ટની રકમ બચત રહેવા પામેલ છે. આ બચત ગ્રાન્ટની રકમમાંથી પેટલાદ નગરપાલિકા દ્વારા આઇ.એચ.એસ.ડી.પી. યોજના અંતર્ગત બનાવવામાં આવેલ આવાસોનાં કુલ સાત બ્લોકની ટેરેસ (અગાસી) પર ટુકડી ટાઇલ્સ લગાવવા યોગ્ય જણાય છે. જેનાંથી આવાસોનું આયુષ્ય વધે અને ગરમી તથા વરસાદી પાણીથી રક્ષણ પણ મળે તેમ છે. જેથી પેટલાદ નગરપાલિકા દ્વારા આઇ.એચ.એસ.ડી.પી. યોજના અંતર્ગત બનાવવામાં આવેલ આવાસોનાં કુલ સાત બ્લોકની અગાસીમાં સદર બચત ગ્રાન્ટની રકમમાંથી ટુકડી ટાઇલ્સ લગાવવા ઠરાવવામાં આવે છે. બચત ગ્રાન્ટ ઉપરાંત થનાર વધારાનો ખર્ચ પેટલાદ નગરપાલિકાનાં સ્વભંડોળમાંથી કરવા ઠરાવવામાં આવે છે. આ અંગેની આગળની જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવા મે.ચીફ ઓફિસરશ્રીને તથા રા.પ્રમુખશ્રીને સત્તા આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ જૈમિનીબેન. આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોંધઃ-

૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટેજ છે. જેને સત્તા.વાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોયતો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

નોંધઃ-

૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટેજ છે. જેને સત્તાકવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોયતો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

**કામ નં. (૮)** : કારોબારી સમિતિની ભલામણ સહ પેટલાદ નગરપાલિકા હસ્તકનું ટાવર ડેવલોપમેન્ટ કરવા ફાળવેલ રકમમાંથી બચત રહેવા પામેલ રકમમાંથી ટાવરનું કલરકામ તથા એલ્યુમિનિયમ સેકશન નાંખી સુશોભિત કરવા કરેલ કામગીરીને બહાલી આપવા અંગે આવેલ કામ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૯ / તા.૧૩/૧૦/૧૭**

મ્યુનિ. સભ્ય શ્રી ભાવિનકુમાર. એમ. પટેલ, શ્રી ગોવિંદભાઇ. આર. તળપદાનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

કારોબારી સમિતિની ભલામણ સહ પેટલાદ નગરપાલિકા હસ્તકનું ટાવર ડેવલોપમેન્ટ કરવા ફાળવેલ રકમમાંથી બચત રહેવા પામેલ રકમમાંથી ટાવરનું કલરકામ તથા એલ્યુમિનિયમ સેકશન નાંખી સુશોભિત કરવા કરેલ કામગીરીને બહાલી આપવા અંગે આવેલ કામ વંચાણમાં લીધું. સારાસારનો વિચાર કરતાં સરકારશ્રીનાં ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ, ગાંધીનગર દ્વારા ૧૪ મા નાણાંપંચની ગ્રાન્ટની રકમ ફાળવવામાં આવેલ હતી. જેમાંથી ઘટતી કાર્યવાહીથી પેટલાદ નગરપાલિકા હસ્તકનાં દિવાન ટાવરનું ડેવલોપમેન્ટ કરવા ગ્રાન્ટ પૈકીની રૂા.૧૧,૮૧,૬૫૦/- ની રકમ નગરપાલિકા હસ્તકનાં દિવાન ટાવરનું ડેવલોપમેન્ટ કરવા ફાળવવામાં આવેલ હતી. જે કામગીરી પૂર્ણ કરવામાં આવતાં કુલ રૂા.૯,૪૬,૪૬૩/- નો ખર્ચ થયેલ છે. જેથી રૂા.૨,૩૫,૧૮૭/- ની રકમ બચત રહેવા પામેલ હતી. સદર બચત રકમમાંથી નગરપાલિકા હસ્તકનાં દિવાન ટાવરનું સુશોભન કરવા તેનું રંગકામ કરાવવા તથા એલ્યુમિનિયમ સેકશન લગાવી સુશોભિત બનાવવા સામાન્ય સભાની મંજુરીની અપેક્ષાએ રા.પ્રમુખશ્રીએ કરેલ કાર્યવાહી તથા હુકમને બહાલી આપવા ઠરાવવામાં આવે છે. આ અંગેની આગળની જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવા મે.ચીફ ઓફિસરશ્રીને તથા રા.પ્રમુખશ્રીને સત્તા આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ જૈમિનીબેન. આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૯)** : કારોબારી સમિતિની ભલામણ સહ પેટલાદ નગરપાલિકાને સરકારશ્રી દ્વારા ૧૫% આયોજન હેઠળની ફાળવેલ ગ્રાન્ટની રકમમાંથી મંજુર થયેલ કામો પૂર્ણ કરવામાં આવતાં બચત રહેલ રકમમાંથી પેટલાદ નગરપાલિકા હસ્તકનાં ટાવરમાં બેઠક વ્યવસ્થાનાં ભાગરૂપે સ્ટીલનાં બાંકડા નંગ-૫ મુકવા બાબતે કરેલ કામગીરીને બહાલી આપવા બાબતનું કામ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૧૦ / તા.૧૩/૧૦/૧૭**

મ્યુનિ. સભ્ય શ્રી ભાવિનકુમાર. એમ. પટેલ, શ્રી ગોવિંદભાઇ. આર. તળપદાનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

કારોબારી સમિતિની ભલામણ સહ પેટલાદ નગરપાલિકાને સરકારશ્રી દ્વારા ૧૫% આયોજન હેઠળની ફાળવેલ ગ્રાન્ટની રકમમાંથી મંજુર થયેલ કામો પૂર્ણ કરવામાં આવતાં બચત રહેલ રકમમાંથી પેટલાદ નગરપાલિકા હસ્તકનાં ટાવરમાં બેઠક વ્યવસ્થાનાં ભાગરૂપે સ્ટીલનાં બાંકડા નંગ-૫ મુકવા બાબતે કરેલ કામગીરીને બહાલી આપવા બાબતનું કામ વંચાણમાં લીધું. સારાસારનો વિચાર કરતાં સરકારશ્રીનાં જિલ્લા આયોજન કચેરી, આણંદ દ્વારા ૧૫% આયોજન હેઠળની ગ્રાન્ટની રકમ ફાળવવામાં આવેલ હતી. જેમાંથી ઘટતી કાર્યવાહીથી વિકાસનાં કામ હાથ ધરવામાં આવતાં રૂા.૪૯,૫૦૦/- ની ગ્રાન્ટની રકમ બચત રહેવા પામેલ હતી. આ બચત રહેતી ગ્રાન્ટની રકમમાંથી પેટલાદ નગરપાલિકા હસ્તકનાં દિવાન ટાવરમાં સીનીયર સીટીઝન વ્યક્તિઓની બેઠક વ્યવસ્થાનાં ભાગરૂપે સ્ટીલનાં બાંકડા નંગ-૦૫ મુકવા ઉચિત જણાતાં ૧૫% આયોજ હેઠળની બચત રહેતી ગ્રાન્ટની રકમમાંથી પેટલાદ નગરપાલિકા હસ્તકનાં દિવાન ટાવરમાં સ્ટીલનાં બાંકડા નંગ-૦૫ મુકવા અંગે સામાન્ય સભાની મંજુરીની અપેક્ષાએ રા.પ્રમુખશ્રીએ કરેલ કાર્યવાહી તથા હુકમને બહાલી આપવા ઠરાવવામાં આવે છે. બચત ગ્રાન્ટની રકમ ઉપરાંત થનાર વધારાનો ખર્ચ પેટલાદ નગરપાલિકાનાં સ્વભંડોળમાંથી કરવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવા મે.ચીફ ઓફિસરશ્રીને તથા રા.પ્રમુખશ્રીને સત્તા આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ જૈમિનીબેન. આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોંધઃ-

૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટેજ છે. જેને સત્તાpવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોયતો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

નોંધઃ-

૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટેજ છે. જેને સત્તાકવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોયતો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

**કામ નં. (૧૦) :** પેટલાદ નગરપાલિકાનાં હિસાબી દફતરેથી સંસ્થાનો તૈયાર થઇ આવેલ માહે જાન્યુઆરી - ૧૭ થી માહે માર્ચ -૧૭ સુધીનો ત્રિમાસિક હિસાબ વંચાણમાં લઇ જોઇ તપાસી યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૧૧ / તા.૧૩/૧૦/૧૭**

મ્યુનિ. સભ્ય શ્રી ભાવિનકુમાર. એમ. પટેલ, શ્રી ગોવિંદભાઇ. આર. તળપદાનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકાનાં હિસાબી દફતરેથી સંસ્થાનો તૈયાર થઇ આવેલ માહે જાન્યુઆરી - ૧૭ થી માહે માર્ચ - ૧૭ સુધીનો ત્રિમાસિક હિસાબ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકાનાં હિસાબી દફતરેથી સંસ્થાનો તૈયાર થઇ આવેલ માહે જાન્યુઆરી – ૧૭ થી માહે માર્ચ - ૧૭ સુધીનો ત્રિમાસિક હિસાબ જોઇ તપાસી મંજુર કરવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ જૈમિનીબેન. આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૧૧) :** પેટલાદ નગરપાલિકાનાં હિસાબી દફતરેથી સંસ્થાનો તૈયાર થઇ આવેલ માહે એપ્રિલ -૧૬ થી માહે માર્ચ -૧૭ સુધીનો વાર્ષિક હિસાબ વંચાણમાં લઇ જોઇ તપાસી યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૧૨ / તા.૧૩/૧૦/૧૭**

મ્યુનિ. સભ્ય શ્રી મુન્તજીમોદ્દીન. એન. કાજી, શ્રી અબરારબેગ. ડી. મિરઝાંનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકાનાં હિસાબી દફતરેથી સંસ્થાનો તૈયાર થઇ આવેલ માહે એપ્રિલ - ૧૬ થી માહે માર્ચ - ૧૭ સુધીનો વાર્ષિક હિસાબ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકાનાં હિસાબી દફતરેથી સંસ્થાનો તૈયાર થઇ આવેલ માહે એપ્રિલ – ૧૬ થી માહે માર્ચ - ૧૭ સુધીનો વાર્ષિક હિસાબ જોઇ તપાસી મંજુર કરવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ જૈમિનીબેન. આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૧૨) :** પેટલાદ નગરપાલિકાનાં હિસાબી દફતરેથી સંસ્થાનો તૈયાર થઇ આવેલ માહે એપ્રિલ -૧૭ થી માહે જૂન -૧૭ સુધીનો ત્રિમાસિક હિસાબ વંચાણમાં લઇ જોઇ તપાસી યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૧૩ / તા.૧૩/૧૦/૧૭**

મ્યુનિ. સભ્ય શ્રી ગોવિંદભાઇ. આર. તળપદા, શ્રી ભાવિનકુમાર. એમ. પટેલનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકાનાં હિસાબી દફતરેથી સંસ્થાનો તૈયાર થઇ આવેલ માહે એપ્રિલ -૧૭ થી માહે જૂન -૧૭ સુધીનો ત્રિમાસિક હિસાબ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકાનાં હિસાબી દફતરેથી સંસ્થાનો તૈયાર થઇ આવેલ માહે એપ્રિલ – ૧૭ થી માહે જૂન - ૧૭ સુધીનો ત્રિમાસિક હિસાબ જોઇ તપાસી મંજુર કરવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ જૈમિનીબેન. આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોંધઃ-

૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટેજ છે. જેને સત્તા વાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોયતો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

**કામ નં. (૧૩) :** પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ દત્ત સોસાયટીમાં ટ્રીમિક્ષ સી.સી. રોડ બનાવવા અંગે આવેલ અરજી વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૧૪ / તા.૧૩/૧૦/૧૭**

મ્યુનિ. સભ્ય શ્રી ગોવિંદભાઇ. આર. તળપદા, શ્રી ભાવિનકુમાર. એમ. પટેલનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ દત્ત સોસાયટીમાં ટ્રીમિક્ષ સી.સી. રોડ બનાવવા અંગે આવેલ અરજી વંચાણમાં લીધી. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકા દ્વારા ઘટતી કાર્યવાહી હાથ ધરી સરકારશ્રી દ્વારા ફાળવવામાં આવેલ ૧૫% આયોજન હેઠળની ગ્રાન્ટની રકમમાં આવરી લઇ વહીવટી મંજુરી અર્થે સરકારશ્રીમાં દરખાસ્ત કરેલ છે. જે મંજુર થઇ આવ્યેથી કામગીરી હાથ ધરવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની જરૂરી તમામ કર્યાવાહી હાથ ધરવા મે.ચીફ ઓફિસરશ્રીને અને રા.પ્રમુખશ્રીને સત્તા આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ જૈમિનીબેન. આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૧૪) :** પેટલાદ નગરપાલિકામાં સફાઇ કામદાર તરીકે કાયમી કર્મચારીની ફરજ બજાવતાં કર્મચારી શ્રી ધનજીભાઇ ભવાનભાઇ જાદવની સ્વૈચ્છિક નિવૃત્તિ માટે આવેલ અરજી પરત્વે સામાન્ય સભાની મંજુરીની અપેક્ષાએ તેઓનું રાજીનામુ મંજુર કરવા અંગે કરેલ કાર્યવાહી તથા હુકમને બહાલી આપવા બાબતનું કામ.

**ઠરાવ નં. ૧૫ / તા.૧૩/૧૦/૧૭**

મ્યુનિ. સભ્ય શ્રી પુનિતકુમાર. એમ. ડાભી, શ્રી ભાવિનકુમાર. એમ. પટેલનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકામાં સફાઇ કામદાર તરીકે કાયમી કર્મચારીની ફરજ બજાવતાં કર્મચારી શ્રી ધનજીભાઇ ભવાનભાઇ જાદવની સ્વૈચ્છિક નિવૃત્તિ માટે આવેલ અરજી પરત્વે સામાન્ય સભાની મંજુરીની અપેક્ષાએ તેઓનું રાજીનામુ મંજુર કરવા અંગે કરેલ કાર્યવાહી તથા હુકમને બહાલી આપવા બાબતનું કામ વંચાણમાં લીધું. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકામાં સફાઇ કામદારની કાયમી કર્મચારી તરીકેની ફરજ બજાવતાં કર્મચારી શ્રી ધનજીભાઇ ભવાનભાઇ જાદવે તેઓની નાદુરસ્ત રહેતી તબીયતને કારણે પોતાની ફરજમાંથી સ્વૈચ્છિક રાજીનામુ આપવા અરજી કરેલ હતી. જે મંજુર કરવા સામાન્ય સભાની મંજુરીની અપેક્ષાએ રા.પ્રમુખશ્રીએ કરેલ કાર્યવાહી તથા હુકમને બહાલી આપવા ઠરાવવામાં આવે છે. અને તેઓને મળવા પાત્ર પી.એફ.ની રકમ તથા ગ્રેજયુઇટીની રકમ જરૂરી ચકાસણી કરી તેઓને અદા કરવા ઘટતી કાર્યવાહી હાથ ધરવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ જૈમિનીબેન. આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોંધઃ-

**૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટેજ છે. જેને સત્તાકવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.**

**૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોયતો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.**

**કામ નં. (૧૫) :** પેટલાદ નગરપાલિકાનાં હંગામી ભોગવટા અને ઝૂલતા પાટીયાનાં વસુલ કરવામાં અવતાં ભાડાનાં દરમાં સુધારો કરવા અંગે આવેલ અરજી તથા રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૧૬ / તા.૧૩/૧૦/૧૭**

મ્યુનિ. સભ્ય શ્રી રીફાકતખાન. એમ. પઠાણ, શ્રી ગુલામદસ્તગીર. એન. વ્હોરાનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકાનાં હંગામી ભોગવટા અને ઝૂલતા પાટીયાનાં વસુલ કરવામાં અવતાં ભાડાનાં દરમાં સુધારો કરવા અંગે આવેલ અરજી તથા રીપોર્ટ વંચાણમા લીધાં. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ કાચા કેબીન ધારકોએ કેબીન બહાર ઝૂલતા પાટીયા રાખી પોતાનો ધંધો રોજગાર કરતાં આવે છે. જેનું નગરપાલિકા દ્વારા ભાડુ વસુલવામાં આવે છે. જેનું ભાડુ અગાઉનાં વર્ષોમાં પ્રતિ ચોરસફુટ રૂા.૦=૫૦ પૈસા વસુલવામાં આવતું હતું અને તેમાં વખતો વખતનાં સુધારા ઠરાવ આધારે રૂા.૧૦=૦૦ પ્રતિ ચોરસફુટ કરવામાં આવેલ હતું. જેમાં સામાન્ય સભાનાં ઠરાવ નં.૧૭ તા.૯/૫/૧૬ થી થયેલ ઠરાવ આધારે રૂા.૨૫=૦૦ પ્રતિ ચોરસ ફુટ વસુલવા ઠરાવેલ છે. જે અતિશય વધારો કરવામાં આવતાં તેમાં ઘટાડો કરવા કેબીન ધારક વેપારીઓની અરજી આવેલ છે. આવા ધંધા નાની મૂડીથી ધંધો રોજગાર કરતાં ઇસમો હોય છે. અને ભાવવધારાને કારણે ભાડાની આવક ઓછી થાય છે અને બાકી રહે છે. જેથી તેઓને પોશાય તે રીતેનો દર કરવામાં આવે તો ભાડાની આવક થાય તેમ છે. તેથી સામાન્ય સભાનાં ઠરાવ નં.૧૭ તા.૯/૫/૧૬ થી કરેલ ઠરાવમાં જણાવેલ દરનાં અનુક્રમ નં.૨ માં જણાવેલ ઝૂલતા પાટીયાનાં દર પ્રતિ ચોરસ ફુટ રૂા.૨૫=૦૦ કરેલ છે. તેમાં સુધારો કરી પ્રતિ ચોરસફુટ રૂા.૧૫/- કરવા ઠરાવવામાં આવે છે. સદર બાબતનો અમલ તા.૦૧/૧૧/૨૦૧૭ થી કરવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની જરૂરી તમામ કાર્યવાહી કરવા મે.ચીફ ઓફિસરશ્રીને અને રા.પ્રમુખશ્રીને સત્તા આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ જૈમિનીબેન. આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોંધઃ-

**૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટેજ છે. જેને સત્તાmવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.**

**૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોયતો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.**

નોંધઃ-

૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટેજ છે. જેને સત્તાકવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોયતો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

**કામ નં. (૧૬) :** પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ કાચા કેબીનનાં વસુલ કરવામાં આવતાં ભાડાનાં દરમાં સુધારો કરવા અંગે આવેલ અરજી તથા રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૧૭ / તા.૧૩/૧૦/૧૭**

મ્યુનિ. સભ્ય શ્રી રીફાકતખાન. એમ. પઠાણ, શ્રી ગુલામદસ્તગીર. એન. વ્હોરાનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ કાચા કેબીનનાં વસુલ કરવામાં આવતાં ભાડાનાં દરમાં સુધારો કરવા અંગે આવેલ અરજી તથા રીપોર્ટ વંચાણમાં લીધાં. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ નગરપાલિકાની જગ્યામાં કાચા કેબીન મુકી પોતાનો ધંધો રોજગાર કરતાં આવે છે. તથા પાથરણાં પાથરી છુટક ધંધો કરતાં ઇસમો પાસેથી સામાન્ય સભાનાં ઠરાવ નં.૧૭ તા.૯/૫/૧૬ થી થયેલ ઠરાવ આધારે નિયત દર વસુલવા ઠરાવેલ છે. જે વધારો કરવામાં આવતાં આ વિવિધ દરોમાં ઘટાડો કરવા વેપારીઓ / ફેરીયાઓની રજૂઆતો આવે છે. આવા ઇસમો નાની મૂડીથી ધંધો રોજગાર કરતાં હોય છે. જે ભાવવધારાને કારણે તેઓ ભાડા ભરવા સક્ષમ ન હોવાથી સંસ્થાને ભાડાની આવક ઓછી થાય છે અને બાકી રહે છે. જેથી તેઓને પોશાય તે રીતેનો દર કરવામાં આવે તો ભાડાની આવક થાય તેમ છે. તેથી સામાન્ય સભાનાં ઠરાવ નં.૧૭ તા.૯/૫/૧૬ થી કરેલ ઠરાવમાં જણાવેલ દરમાં નીચે જણાવ્યા મુજબના સુધારા દર કરી તે મુજબ વસુલાત કરવા ઠરાવવામાં આવે છે.

| અ.નં. | વિગત | હાલનાં દર રૂા. | સુધારા દરરૂા. |
|---|---|---|---|
| ૧ | કેબીન ભાડુ | ૧૫/- પ્રતિ ચો.ફુ. | ૧૦/- પ્રતિ ચો.ફુટ |
| ૨ | ઝૂલતા પાટિયા | ૨૫/- પ્રતિ ચો.ફુ. | ૧૫/- પ્રતિ ચો.ફુટ |
| ૩ | **ફુડ લાયસન્સ**<br>ખાણી-પીણીની લારીઓ<br>શાકભાજી / ફ્રુટની લારીઓ<br>અન્ય ખુલ્લી લારીઓ | <br>૫૦/- દૈનિક<br>૧૫/- દૈનિક<br>૧૫/- દૈનિક | <br>૨૦/- દૈનિક<br>૫/- દૈનિક<br>૫- દૈનિક |
| ૪ | કેબીન ટ્રાન્સફર ફી | ૧૦,૦૦૦/- | ૫,૦૦૦/- |
| ૫ | વાહન લાગત | ૩૬૫/- વાર્ષિક | ૩૬૫/- વાર્ષિક |
| ૬ | બિલ્લા લાગત | ૩૬૫/- વાર્ષિક | ૩૬૫/- વાર્ષિક |
| ૭ | લારી / પાથરણા સફાઇ ચાર્જ | ૧૦/- દૈનિક | ૧૦/- દૈનિક |
| ૮ | દુકાની બહાર માલસામાન મૂકતા | ૨૦/- પ્રતિ ચો.ફુ. દૈનિક દંડ | ૨૦/- પ્રતિ ચો.ફુ. દૈનિક દંડ |
| ૯ | દુકાન ઉપર છાપરા / વાછોટિયા | ૨૦/- પ્રતિ ચો.ફુ. દૈનિક દંડ | ૨૦/- પ્રતિ ચો.ફુ. દૈનિક દંડ |
| ૧૦ | જે તે તહેવારમાં મંડપ માટે | ૨૫/- પ્રતિ ચો.ફુ. દૈનિક | ૨૫/- પ્રતિ ચો.ફુ. દૈનિક |
| ૧૧ | પરવાનગી વગર લાકડાનાં કેબીન | ૧,૫૦૦/- માસિક | ૧,૦૦૦/- માસિક |
| ૧૨ | ઘઉંનાં ટ્રેક્ટર માટે / ફરતાં વાહનનો ધંધો | ૧૦૦/- દૈનિક | ૧૦૦/- દૈનિક |
| ૧૩ | રેતી-કપચીનાં ઢગલા / ન.પા.ની જમીન પર ધંધો કરતાં | ૧૦૦/- દૈનિક | ૧૦૦/- દૈનિક |
| ૧૪ | શેરડી – તરબૂચનાં કોલા | ૨,૦૦૦/- માસિક | ૧,૦૦૦/- માસિક |
| ૧૫ | ગાડી – રોડ શો | ૨,૫૦૦/- દૈનિક | ૨,૫૦૦/- દૈનિક |
| ૧૬ | રોડની સાઇડ પર ધંધો કરતાં (ફર્નિચર-સોફા વિગેરે) | ૧૦૦/- દૈનિક | ૧૫૦/- દૈનિક |
| | કાયમી પાનનાં ગલ્લા તથા ચોક્કસ જગ્યાઓએ ઊભી રહેતી લારીઓ | ૬૦૦/- માસિક | ૬૦૦/- માસિક |
| ૧૭ | **ટાઉનહોલ માટે** | | |
| | ડીપોઝીટ | ૩,૦૦૦/- | ૩,૦૦૦/- |
| | સફાઇ ચાર્જ | ૫૦૦/- પ્રતિ દિન | ૫૦૦/- પ્રતિ દિન |
| | ઓપરેટર ચાર્જ | ૫૦૦/- પ્રતિ દિન | ૫૦૦/- પ્રતિ દિન |
| | લાઇટ બીલ | ૬૦૦/- મીનીમમ<br>૧૫/- પ્રતિ યુનિટ | ૬૦૦/- મીનીમમ<br>૧૫/- પ્રતિ યુનિટ |
| | ભાડુ | ૨,૦૦૦/- મીટીગ<br>૧,૦૦૦/- જાદુગર શો / ઓરકેસ્ટ્રા શો દીઠ | ૨,૦૦૦/- મીટીગ<br>૧,૦૦૦/- જાદુગર શો / ઓરકેસ્ટ્રા શો દીઠ |
| | ઓડિયન્સ હોલ – સેલ / ધંધા માટે | ૧,૦૦૦/- પ્રતિ દિન હોલ | ૧,૦૦૦/- પ્રતિ દિન હોલ માટે |

| | | | |
|---|---|---|---|
| | | માટે | |
| | | ૨૦૦/- પ્રતિ દિન બહારની ગેલેરી માટે | ૨૦૦/- પ્રતિ દિન બહારની ગેલેરી માટે |
| | | ૬૦૦/- પ્રતિ દિન ઉપરનાં હોલ માટે | ૬૦૦/- પ્રતિ દિન ઉપરનાં હોલ માટે |
| | ઓડિયન્સ હોલ – સેલ / ધંધા માટે લાઇટ બીલ | ૨૦/- પ્રતિ યુનિટ | ૨૦/- પ્રતિ યુનિટ |
| ૧૮ | **પી.દાસવાળા કોમ્યુનિટી હોલ** | | |
| | ડીપોઝીટ | ૨,૦૦૦/- | ૨,૦૦૦/- |
| | ભાડુ | ૧,૫૦૦/- લગ્ન માટે<br>૧,૦૦૦/- મીટીગ માટે<br>૫૦૦/- બેસણા માટે પ્રતિ દિન | ૧,૫૦૦/- લગ્ન માટે<br>૧,૦૦૦/- મીટીગ માટે<br>૫૦૦/- બેસણા માટે પ્રતિ દિન |
| | લાઇટ બીલ | ૫૦૦/- મીનીમમ<br>૧૫/- પ્રતિ યુનિટ | ૫૦૦/- મીનીમમ<br>૧૫/- પ્રતિ યુનિટ |
| | સફાઇ ચાર્જ | ૪૦૦/- પ્રતિ દિન | ૪૦૦/- પ્રતિ દિન |

સદર બાબતના સુધારા દરવારીનો અમલ તા.૦૧/૧૧/૨૦૧૭ થી કરવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવા મે.ચીફ ઓફિસરશ્રીને અને રા.પ્રમુખશ્રીને સત્તા આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ જૈમિનીબેન. આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૧૭) :** પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં ભોઇવાડામાં બાકી રહેલ ભાગમાં સી.સી. કરવા અંગે સમાજ સેતુ કાર્યક્રમમાં પૂછાયેલ પ્રશ્નું નિરાકરણ કરી કામગીરી હાથ ધરવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૧૮ / તા.૧૩/૧૦/૧૭**

મ્યુનિ. સભ્ય શ્રી પુનિતકુમાર. એમ. ડાભી, શ્રી ગોવિંદભાઇ. આર. તળપદાનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં ભોઇવાડામાં બાકી રહેલ ભાગમાં સી.સી. કરવા અંગે સમાજ સેતુ કાર્યક્રમમાં પૂછાયેલ પ્રશ્નું નિરાકરણ કરી કામગીરી હાથ ધરવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ કાળકા ગેટ પાસેનાં ભોઇવાડા વિસ્તારમાં બાકી રહેલ ભાગમાં સી.સી કરી આપવા બાબતે, સરકારશ્રીની સુચના અન્વયે યોજવામાં આવતાં સમાજ સેતુ કાર્યક્રમ પૈકી તા.૨૧/૦૨/૨૦૧૭ નાં રોજ યોજાયેલ તાલુકા સેવા સેતુ કાર્યક્રમમાં પ્રશ્ન રજૂ કરવામાં આવેલ હતો. જેનાં પ્રત્યુત્તરમાં સદર કામ સામાન્ય સભામાં મંજુર કરી ઘટતી કામગીરી હાથ ધરવા નગરપાલિકા દ્વારા સંમતિ આપેલ હતી. સરકારશ્રીનાં ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ, ગાંધીનગર દ્વારા પેટલાદ નગરપાલિકાને યુ.ડી.પી. ૮૮ હેઠળની ગ્રાન્ટની રકમ ફાળવવામાં આવેલ છે. સદર ફાળવેલ ગ્રાન્ટની રકમમાંથી આ કામગીરી હાથ ધરવા ઠરાવવામાં આવે છે. સદર કામે તૈયાર થઇ આવેલ રૂા.૯,૨૪,૬૯૦/- નાં અંદાજીત ખર્ચને જોઇ તપાસી મંજુર કરવા ઠરાવવામાં આવે છે. ફાળવેલ ગ્રાન્ટ ઉપરાંત થનાર વધારાનો ખર્ચ પેટલાદ નગરપાલિકાનાં સ્વભંડોળમાંથી કરવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની જરૂરી તમામ કાર્યવાહી કરવા મે.ચીફ ઓફિસરશ્રીને અને રા.પ્રમુખશ્રીને સત્તા આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ જૈમિનીબેન. આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**નોંધઃ-**

**૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટેજ છે. જેને સત્તાKવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.**

**૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોયતો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.**

નોંધઃ-

૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટેજ છે. જેને સત્તાાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોયતો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

**કામ નં. (૧૮) :** પેટલાદ નગરપાલિકાનાં સ્ટ્રીટ લાઇટ વિભાગ માટે હાઇડ્રોલીક સીસ્ટમવાળી લેડર સાથેની નવિન ગાડી ખરીદ કરવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૧૯ / તા.૧૩/૧૦/૧૭**

મ્યુનિ. સભ્ય શ્રી ગોવિંદભાઇ. આર. તળપદા, શ્રી જયેશકુમાર. કે. પટેલનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકાનાં સ્ટ્રીટ લાઇટ વિભાગ માટે હાઇડ્રોલીક સીસ્ટમવાળી લેડર સાથેની નવિન ગાડી ખરીદ કરવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકાનાં સ્ટ્રીટ લાઇટ વિભાગમાં હાલમાં ઉપયોગમાં લેવામાં આવતી માનવશક્તિવાળી સીડી સાથેની ટેમ્પી ઘણાં સમયથી ઉપયોગમાં લેવામાં આવે છે. જેનાં વપરાશને કારણે બગડી ગયેલ છે. અને તેની સીડી રોજબરોજ ઉપયોગ કરવામાં આવતાં ખરાબ થઇ ગયેલ છે. જેનાથી કયારેક અકસ્માત થવા સંભવ છે. અને જે તે જગ્યાએ સ્ટ્રીટ લાઇટ રીપેરીગ કરવાનાં સમયે તેને ઊભી કરવી અને અન્ય સ્થળે ખસેડવા બંધ કરવી એમ વારેવારે ઉપયોગ કરવાથી તેમાં સમયનો બગાડ પણ થાય છે. તેથી કામગીરીમાં વેગ લાવી શકાય અને વર્તમાન ટેકનોલોજીનો ઉપયોગ કરી હાઇડ્રોલિક સીસ્ટમવાળી સીડી સાથે નવિન ટેમ્પી ખરીદ કરવા ઉચિત જણાય છે. આ અંગે પેટલાદ નગરપાલિકાની સામાન્ય સભાનાં ઠરાવ નં.૧૩૩ / તા.૨૪/૧૦/૨૦૧૬ થી ઠરાવ કરી નવિન ગાડી ખરીદ કરવા રૂા.૧૦,૨૧,૧૦૦=૦૦ નો અંદાજીત ખર્ચ મંજુર પણ કરેલ છે. જે બાબતે નગરપાલિકાએ સ્વભંડોળમાંથી ખર્ચ કરવાનો થતો હતો. જેથી જો સરકારશ્રીમાંથી મળતી વિવિધ ગ્રાન્ટની રકમમાંથી ખરીદ કરવામાં આવે તો સંસ્થાનું આર્થિક ભારણ ઘટે. તેથી સદર કામગીરી સરકાશ્રી તરફથી મળતી ગ્રાન્ટની રકમમાંથી નવિન ખરીદ કરવા ઠરાવવામાં આવે છે. ફાળવેલ ગ્રાન્ટ ઉપરાંત થનાર વધારાનો ખર્ચ પેટલાદ નગરપાલિકાનાં સ્વભંડોળમાંથી કરવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની જરૂરી તમામ કાર્યવાહી કરવા મે.ચીફ ઓફિસરશ્રીને અને રા.પ્રમુખશ્રીને સત્તા આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ જૈમિનીબેન. આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૧૯) :** પેટલાદ નગરપાલિકાની હયાત ભૂગર્ભ ગટર લાઇનનાં ચોકઅપ મેનહોલ તથા પાઇપ લાઇન સફાઇ કરાવવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૨૦ / તા.૧૩/૧૦/૧૭**

મ્યુનિ. સભ્ય શ્રીમતિ ગૌરીબેન. કે. તળપદા, શ્રીમતિ રેણુકાબેન. આર. વાઘેલાનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકાની હયાત ભૂગર્ભ ગટર લાઇનનાં ચોકઅપ મેનહોલ તથા પાઇપ લાઇન સફાઇ કરાવવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં ભૂગર્ભ યોજનાની ઘણાં વર્ષો પહેલાં પાઇપ લાઇન નાંખવામાં આવેલ હતી. સમય જતાં શહેરમાં વિકાસ થતાં સોસાયટી વિસ્તારમાં સને ૧૯૯૯-૨૦૦૦ માં વાજપાઇ નગર વિકાસ યોજના અંતર્ગત પાઇપ લાઇન નાંખવામાં આવેલ છે. અને વખતો વખત મળતી વિવિધ ગ્રાન્ટની રકમમાંથી મેનહોલ પણ બનાવવામાં આવેલ છે. જેને મુખ્ય રાઇઝીગ મેઇન પાઇપ લાઇન સાથે જોડાણ ન આપી શકાતાં સદર પાઇપ લાઇન તથા મેનહોલ તદ્દન બંધ હાલતમાં ઘણાં વર્ષોથી છે. જેને કારણે ચોકઅપ થયેલ છે. અને પાણીનું વહન સરળતાથી થઇ શકે તેમ નથી. જેની સફાઇ કારાવવી ખૂબજ આવશ્યક છે. જેથી શહેરનાં બાકી રહેલ વિસ્તારોમાં ગટર જોડાણ આપી શકાય. તેથી પેટલાદ નગરપાલિકાનાં ભૂગર્ભ ગટર યોજનાના કામ સાથે સામેલ રીપોર્ટમાં જણાવેલ વિસ્તારોમાં જણાવેલ મેનહોલ તથા પાઇપ લાઇન સફાઇ કરાવવા ઠરાવવામાં આવે છે. સદર બાબતે આવેલ એક કુંડી સફાઇ કરાવવાનાં રૂા.૨,૧૦૦/-; પ્રતિ મેનહોલનાં રૂા.૪૮,૩૦૦/- તથા પાઇપ લાઇનનાં પ્રતિ રનીગ મીટરનાં રૂા.૧૭૯/- નાં આવેલ અંદાજીત ખર્ચ જોઇ તપાસી મંજુર કરવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની જરૂરી તમામ કાર્યવાહી કરવા મે.ચીફ ઓફિસરશ્રીને અને રા.પ્રમુખશ્રીને સત્તા આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ જૈમિનીબેન. આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોંધઃ-

૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટેજ છે. જેને સત્તા|વાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોયતો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

નોંધઃ-

**૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટેજ છે. જેને સત્તાકવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.**

**૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોયતો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.**

**કામ નં. (૨૦) :** પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં ભૂગર્ભ ગટર યોજનાની દેવકુવા પાસે આવેલ મેન હોલ તથા પાઇપ લાઇન ચોકઅપ થવાથી તેને તાત્કાલિક અસરથી રીપેરીગ કરાવવી જરૂરી હોઇ સામાન્ય સભાની મંજુરીની અપેક્ષાએ કરેલ કાર્યવાહી તથા હુકમને બહાલી આપવા બાબતનું કામ.

**ઠરાવ નં. ૨૧ / તા.૧૩/૧૦/૧૭**

મ્યુનિ. સભ્ય શ્રીમતિ રેણુકાબેન. આર. વાઘેલા, શ્રી પુનિતકુમાર. એમ. ડાભીનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં ભૂગર્ભ ગટર યોજનાની દેવકુવા પાસે આવેલ મેન હોલ તથા પાઇપ લાઇન ચોકઅપ થવાથી તેને તાત્કાલિક અસરથી રીપેરીગ કરાવવી જરૂરી હોઇ સામાન્ય સભાની મંજુરીની અપેક્ષાએ કરેલ કાર્યવાહી તથા હુકમને બહાલી આપવા બાબતનું કામ લીધુ. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં ભૂગર્ભ યોજનાની ઘણાં વર્ષો પહેલાં પાઇપ લાઇન નાંખવામાં આવેલ હતી. તે પૈકી દેવકુવા તીનબત્તી વિસ્તારમાં ૨૪ ઇંચ ડાયામીટરની ૩૦ ફુટ ઊંડે નાંખવામાં આવેલ પાઇપ લાઇન તથા મેનહોલ ચોકઅપ થઇ જતાં રોજ બરોજનું શહેરનું ગંદુ પાણી આ જગ્યાએ એકત્રિત થઇ બહાર આવતું હતું જેનાંથી ગંદકી થઇ રોગચાળો ફાટી નીકળવાની શકયતા હોવાથી તેને તાત્કાલિક અસરથી રીપેરીગ કરી સફાઇ કરાવવું ખૂબ જ આવશ્યક હતું. જેથી આવી કામગીરી કરતાં અને અનુભવી એજન્સી દેવીકા વાલ્મિકી ફાઉન્ડેશન, અમદાવાદ પાસેથી જરૂરી કામગીરી કરાવી લેવા સામાન્ય સભાની મંજુરીની અપેક્ષાએ રા.પ્રમુખશ્રીએ કરેલ કાર્યવાહી તથા હુકમને બહાલી આપવા ઠરાવવામાં આવે છે. સદર કામે થયેલ રૂા.૧,૮૦,૦૦૦/- નાં ખર્ચને જોઇ તપાસી મંજુર કરવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની જરૂરી તમામ કાર્યવાહી કરવા મે.ચીફ ઓફિસરશ્રીને અને રા.પ્રમુખશ્રીને સત્તા આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ જૈમિનીબેન. આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૨૧) :** પેટલાદ નગરપાલિકા દ્વારા હાથ ધરવામાં આવનાર કામો પરત્વે મંગાવવામાં આવેલ ઓન લાઇન ટેન્ડરો મંજુર કરવા તથા ઓફ લાઇન ટેન્ડર પરત્વે જે તે એજન્સીએ જમા કરાવેલ ટેન્ડર ફી ની રકમ પરત અદા કરવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૨૨ / તા.૧૩/૧૦/૧૭**

મ્યુનિ. સભ્ય શ્રી ગોવિંદભાઇ. આર. તળપદા, શ્રીમતિ રેણુકાબેન. આર. વાઘેલાનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકા દ્વારા હાથ ધરવામાં આવનાર કામો પરત્વે મંગાવવામાં આવેલ ઓન લાઇન ટેન્ડરો મંજુર કરવા તથા ઓફ લાઇન ટેન્ડર પરત્વે જે તે એજન્સીએ જમા કરાવેલ ટેન્ડર ફી ની રકમ પરત અદા કરવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકા દ્વારા જુદા જુદા વિસ્તારોમાં કરવાનાં થતાં વિકાસનાં કામો માટે દિવ્ય ભાસ્કર, નયા પડકાર, સરદાર ગુર્જરી તથા વેસ્ટર્ન ટાઇમ્સ જેવા દૈનિક પેપરોમાં અલગ અલગ કામોના ઓફલાઇન ભાવપત્રો મંગાવવા જાહેર નિવિદા બહાર પાડવામાં આવેલ હતી. તે આધારે જુદી જુદી એજન્સીઓ દ્વારા નિયત ટેન્ડર ફી ની રકમો જમા કરાવી ટેન્ડર મેળવેલ હતાં. સદર અલગ અલગ કામો જોતાં મોટા ભાગનાં કામો એક જ ઘટકની આઇટમોનાં હતાં જેની અંદાજીત ખર્ચની કિંમત રૂપિયા પાંચ લાખ કરતાં વધારે હોવાથી સદર ભાવપત્રો પરત્વેની કામગીરી મુલત્વી રાખી ઓન લાઇન ટેન્ડર મંગાવવામાં આવેલ હતા. જે બાબતનાં ઓનલાઇન ટેન્ડર પૈકી મંજુર કરવાપાત્ર એજન્સી તથા ભાવ મંજુર કરવા ઠરાવવામાં આવે છે. જેથી ઓફ લાઇન ટેન્ડર મેળવવા જે એજન્સી દ્વારા ટેન્ડર ફી ની રકમ જમા કરાવેલ છે તે પરત અદા કરવા પાત્ર થાય છે. તેથી આવી એજન્સીઓની જમા કરાવેલ ટેન્ડર ફી ની રકમ પરત અદા કરવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની જરૂરી તમામ કાર્યવાહી કરવા મે.ચીફ ઓફિસરશ્રીને અને રા.પ્રમુખશ્રીને સત્તા આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ જૈમિનીબેન. આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોંધઃ-

**૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટેજ છે. જેને સત્તા વાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.**

**૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોયતો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.**

**નોંધઃ-**

**૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટેજ છે. જેને સત્તાકવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.**

**ર). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોયતો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.**

**કામ નં. (૨૨) :** પેટલાદ નગરપાલિકાને સરકારશ્રી દ્વારા નગરપાલિકાનાં હયાત બિલ્ડીગને રીનોવેશન કરવા ફાળવેલ ગ્રાન્ટની રકમ સરકારશ્રીમાં પરત જમા કરાવવા તથા નવિન બિલ્ડીગ બનાવવા બાબતે જગ્યા ફાળવણી કરવા સામાન્ય સભામાં કરવામાં આવેલ ઠરાવમાં જણાવેલ જગ્યાને બદલે નગરપાલિકાનાં હયાત બિલ્ડીગને તોડી નવિન બનાવવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૨૩ / તા.૧૩/૧૦/૧૭**

મ્યુનિ. સભ્ય શ્રી ગોવિંદભાઇ. આર. તળપદા, શ્રીમતિ ગૌરીબેન. કે. તળપદાનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકાને સરકારશ્રી દ્વારા નગરપાલિકાનાં હયાત બિલ્ડીગને રીનોવેશન કરવા ફાળવેલ ગ્રાન્ટની રકમ સરકારશ્રીમાં પરત જમા કરાવવા તથા નવિન બિલ્ડીગ બનાવવા બાબતે જગ્યા ફાળવણી કરવા સામાન્ય સભામાં કરવામાં આવેલ ઠરાવમાં જણાવેલ જગ્યાને બદલે નગરપાલિકાનાં હયાત બિલ્ડીગને તોડી નવિન બનાવવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકા કાર્યાલયમાં જરૂરી રીનોવેશન કરવા માટે સરકારશ્રીમાંથી ગ્રાન્ટની રકમ ફાળવવામાં આવતાં સામાન્ય સભાનાં ઠરાવ નં.૧૩/ તા.૦૩/૦૫/૨૦૧૩ થી ઠરાવ કરેલ હતો. તે આધારે સરકારશ્રીમાં દરખાસ્ત કરવામાં આવતાં મે.નગરપાલિકા નિયામકશ્રી, ગાંધીનગર કચેરીનાં પત્ર ક્રમાંક : **SJMMSVY** / મકાન રીનોવેશન / પેટલાદ / ૨૦૧૩ / ૨૦૮૮૯ તા.૧૦/૧૦/૨૦૧૩ થી રૂા.૨૪,૪૬,૦૦૦/- ની વહીવટી મંજુરી આપેલ છે. ત્યારબાદ આ રીનોવશન ન કરાવતાં પેટલાદ નગરપાલિકાની સામાન્ય સભાનાં ઠરાવ ન. ૧૩ / તા.૧૭/૦૭/૨૦૧૪ થી પેટલાદ ની ટી.પી. સ્કીમ નં.૨ નાં ફા.પ્લોટ નં.૫/એ માં નવિન બિલ્ડીગ બનાવવા ઠરાવ કરવામાં આવેલ હતો. અને તે પરત્વે રૂા.૨.૦૦ કરોડની ગ્રાન્ટ મળવાપાત્ર હતી. પરંતુ સદર જગ્યાએ ખાડો હોવાથી તેમાં માટી પુરાણ પાછળ વધુ ખર્ચ થાય તેમ હતો અને વરસાદી પાણીનાં નિકાલમાં અડચણરૂપ બને તેમ હતું. જેથી ફાળવવામાં આવનાર ગ્રાન્ટ ઉપરાંત નગરપાલિકાએ ભોગવવાનો થતો ખર્ચ વધુ થઇ શકે તેમ હતો. જેથી તમામ પાસા ધ્યાને લેતાં નગરપાલિકાનાં હયાત બિલ્ડીગને તોડી તે જ જગ્યાએ નવિન બિલ્ડીગ બનાવવામાં આવે તો આ જગ્યા શહેરનાં મધ્યમાં હોઇ નાગરિકોને તેઓનાં રોજબરોજનાં કામો માટે સરળતા રહે તેમ છે. તેથી સરકારશ્રીમાંથી ફાળવેલ રૂા.૨૪,૪૬,૦૦૦/- ની ગ્રાન્ટની રકમ પરત જમા કરાવી હયાત બિલ્ડીગને તોડી તે જ જગ્યાએ નવિન બિલ્ડીગ બનાવવા ઠરાવવામાં આવે છે. સદર કામે મળવાપાત્ર રૂા.૨.૦૦ કરોડની ગ્રાન્ટની રકમ માટે સરકારશ્રીમાં જરૂરી સુધારા દરખાસ્ત કરવા ઠરાવવામાં આવે છે. ફાળવવામાં આવનાર ગ્રાન્ટ ઉપરાંત થનાર વધારાનો ખર્ચ પેટલાદ નગરપાલિકાનાં સ્વભંડોળમાંથી કરવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની જરૂરી તમામ કાર્યવાહી કરવા મે.ચીફ ઓફિસરશ્રી અને રા.પ્રમુખશ્રીને સત્તા આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ જૈમિનીબેન. આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**નોંધઃ-**

**૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટેજ છે. જેને સત્તાpવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.**

**ર). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોયતો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.**

નોંધઃ-

૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટેજ છે. જેને સત્તાકવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોયતો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

**કામ નં. (૨૩) :** પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં વૈજનાથ સોસાયટીથી રાધેકુંજ સોસાયટી તરફ જવનાં રસ્તે આવેલ નગરપાલિકા હસ્તકનાં પ્લોટમાં નાગરિકોને પ્રાપ્ત થયેલ સુખાધિકાર તેમજ વાહન વ્યવહારનાં રસ્તાનાં ભાગ સિવાયની જગ્યામાં વૃક્ષારોપણ કરી ગાર્ડન બનાવવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૨૪ / તા.૧૩/૧૦/૧૭**

મ્યુનિ. સભ્ય શ્રી મુન્તજીમોદ્દીન. એન. કાજી, શ્રી અબરારબેગ. ડી. મિરઝાંનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં વૈજનાથ સોસાયટીથી રાધેકુંજ સોસાયટી તરફ જવાનાં રસ્તે આવેલ નગરપાલિકા હસ્તકનાં પ્લોટમાં નાગરિકોને પ્રાપ્ત થયેલ સુખાધિકાર તેમજ વાહન વ્યવહારનાં રસ્તાનાં ભાગ સિવાયની જગ્યામાં વૃક્ષારોપણ કરી ગાર્ડન બનાવવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકાની ટી.પી. સ્કીમ નં.૨ નાં ફા.પ્લોટ નં.૬૩/૧ નગરપાલિકાને ગાર્ડન તરીકે ફાળવવામાં આવેલ છે. જેમાં વૃક્ષારોપણ કરી ગાર્ડન બનાવવા તથા જરૂરી કંપાઉન્ડવોલ બનાવવા સામાન્ય સભાનાં ઠરાવ નં.૧૮૨ / તા.૧૮/૦૩/૨૦૧૭ થી ઠરાવ કરવામાં આવેલ છે. આ કામગીરી પૈકી કંપાઉન્ડવોલની કામગીરી ૫૦% જેટલી પૂર્ણ કરવામાં આવેલી છે. પરંતુ આ પ્લોટની આસપાસનાં રહીશો માટે અવરજવરનો રસ્તો મળેલ હોઇ રસ્તા પૈકીની કામગીરી અધૂરી રહેલ છે. અને કંપાઉન્ડવોલ ન બનાવવા તથા રસ્તો જાહેર માર્ગ તરીકે ખુલ્લો રાખવા આ વિસ્તારનાં રહીશોની અરજી આવેલ છે. જેથી સદર પ્લોટ આજદિન સુધી ખુલ્લો રહેલ હોઇ છેલ્લા ઘણાં લાંબા સમયથી રસ્તા તરીકે ઉપયોગ કરતાં હોઇ પેટલાદ નગરપાલિકાનાં પ્લોટમાંથી અવરજવર તથા વાહન વ્યવહાર માટે નાગરિકોને પ્રાપ્ત થયેલ સુખાધિકાર તેમજ વયસ્ક નાગરિકોને અગવડતા ઊભી ન થાય તેવા શુભાશયથી નગરપાલિકાનાં આ પ્લોટમાં વાહન વ્યવહાર તથા અવરજવર માટેનાં રસ્તા પૈકીની જગ્યા જાહેર રસ્તા માટે ખુલ્લી રાખી તે સિવાયનાં કામ સાથે સામેલ નકશામાં દર્શાવ્યા મુજબનાં પ્લોટની જગ્યામાં કંપાઉન્ડવોલ બનાવી ગાર્ડન બનાવવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની જરૂરી તમામ કાર્યવાહી કરવા મે.ચીફ ઓફિસરશ્રીને અને રા.પ્રમુખશ્રીને સત્તા આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ જૈમિનીબેન. આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૨૪) :** પેટલાદ નગરપાલિકાની વર્તમાન તમામ સમિતિઓમાં પ્રમુખશ્રીને હોદ્દાની રૂઇએ સમાવવા અંગે તેઓનો આવેલ પત્ર વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૨૫ / તા.૧૩/૧૦/૧૭**

મ્યુનિ. સભ્ય શ્રીમતિ રેણુકાબેન. આર. વાઘેલા, શ્રીમતિ ગૌરીબેન. કે. તળપદાનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકાની વર્તમાન તમામ સમિતિઓમાં પ્રમુખશ્રીને હોદ્દાની રૂઇએ સમાવવા અંગે તેઓનો આવેલ પત્ર વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકાનાં વર્તમાન પ્રમુખશ્રીને પેટલાદ નગરપાલિકાની કાર્યરત તમામ સમિતિઓમાં તેઓને તેમનાં હોદ્દાની રૂઇએ સભ્ય તરીકે દાખલ કરવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ જૈમિનીબેન. આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોંધઃ-

૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટેજ છે. જેને સત્તા વાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોયતો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

નોંધઃ-

**૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટેજ છે. જેને સત્તાપવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.**

**૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોયતો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.**

**કામ નં. (૨૫) :** પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં એન.કે.હાઇસ્કૂલ પાસે પીકઅપ સ્ટેન્ડની બાજુમાં આવેલ જગ્યામાં બ્લોક પેવિંગ કરવાનું હોવાથી સદર જગ્યા ખુલ્લી કરવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૨૬ / તા.૧૩/૧૦/૧૭**

મ્યુનિ. સભ્ય શ્રીમતિ હેતલબેન. એ. પટેલ, શ્રી વિઠ્ઠલભાઇ. આર. પટેલનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં એન.કે.હાઇસ્કૂલ પાસે પીકઅપ સ્ટેન્ડની બાજુમાં આવેલ જગ્યામાં બ્લોક પેવિંગ કરવાનું હોવાથી સદર જગ્યા ખુલ્લી કરવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકાની સામાન્ય સભાનાં ઠરાવ નં.૧૮૨ / તા.૧૮/૦૩/૨૦૧૭ થી થયેલ ઠરાવમાં જણાવેલ જુદા જુદા કામો પૈકી એન.કે.હાઇસ્કૂલ પાસે આવેલ પીકઅપ સ્ટેન્ડની આજુબાજુનાં ભાગમાં બ્લોક પેવિંગ કરવાનું કામ પણ મંજુર કરેલ છે. જેની કામગીરી હાલમાં હાથ ધરવામાં આવતાં આ જગ્યા પૈકીનો ભાગ નિયત ભાડાનાં દરથી ભાડે આપવામાં આવેલ છે. જેથી તે ભાગમાં કામગીરી અધુરી રહે તેમ છે. તેથી ભાડાની મુદત પુરી થયેથી નવા ભાડા માટે રીન્યુ ન કરી જગ્યા ખુલ્લી કરવામાં આવે તો કામગીરી થઇ શકે તેમ છે. અને સમગ્ર જગ્યા એકસૂત્રતાથી સરખા લેવલે બ્લોક પેવિંગ કરાવી શકાય. તેથી પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં એન.કે.હાઇસ્કૂલ પાસે આવેલ પીકઅપ સ્ટેન્ડ પાસે ભાડે આપેલ જગ્યા ખુલ્લી કરાવવા અને આ જગ્યામાં બ્લોક પેવિંગની કામગીરી કરાવવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવા મે.ચીફ ઓફિસરશ્રીને અને રા.પ્રમુખશ્રીને સત્તા આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ જૈમિનીબેન. આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૨૬) :** પેટલાદ નગરપાલિકા સંચાલિત હયાત શ્રી કે.એમ.શાહ ગોળવાળા ટાઉનહોલને પી.પી.પી. મોડેલથી તેનાં નામાંકન સહિત નવિન બનાવવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૨૭ / તા.૧૩/૧૦/૧૭**

મ્યુનિ. સભ્ય શ્રી રીફાકતખાન. એમ. પઠાણ, શ્રી પુનિતકુમાર. એમ. ડાભીનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકા સંચાલિત હયાત શ્રી કે.એમ.શાહ ગોળવાળા ટાઉનહોલને પી.પી.પી. મોડેલથી તેનાં નામાંકન સહિત નવિન બનાવવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકા હસ્તકનો શ્રી કે.એમ.શાહ ગોળવાળા ટાઉન હોલ ઘણાં વર્ષો પહેલાં બનાવેલ હોઇ હાલમાં જર્જરિત હાલતમાં છે. તેથી ભાડે આપી શકાય તેમ ન હોઇ તેનાં ભાડાની આવક ઘુમાવવી પડે છે. અને તાલુકા કક્ષાએ આ એક જ ટાઉન હોલ હોવાથી વિવિધ સાંસ્કૃતિક પ્રોગ્રામ પણ થઇ શકતાં નથી. તેથી પેટલાદ નગરપાલિકાની સામાન્ય સભાનાં ઠરાવ નં.૧૬૧ / તા.૧૮/૦૨/૨૦૧૬ થી ઠરાવ કરી તેને તોડી નવિન બનાવવા ઠરાવ કરવામાં આવેલ છે. જેનાં ખર્ચ અંગે સરકારશ્રીમાં દરખાસ્ત કરી ખાસ ગ્રાન્ટ મેળવવા ઠરાવેલ છે. જેમાં સમય વધુ બગડે તેમ છે. તેથી જો પી.પી.પી. મોડેલથી એટલે કે લોકભાગીદારીથી અને દાન મેળવી તેનાં અગાઉનાં દાતાશ્રીનું નામ યથાવત રાખી ઓડીટોરિયમ કે પ્રવેશ દ્વારનાં નામાંકન માટે જાહેરાત કરી દાન મેળવી નવિન ટાઉનહોલ બનાવવા ઉચિત જણાય છે. જેથી અગાઉ સામાન્ય સભામાં કરેલ ઠરાવમાં સુધારો કરી પી.પી.પી. મોડેલથી નગરપાલિકા સંચાલિત શ્રી કે.એમ.શાહ ગોળવાળા ટાઉનહોલ બનાવવા માટે જરૂરી આર્કિટેકટ શ્રી રોકી યોગ્ય ડિઝાઇન મુજબ નવિન બનાવવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવા મે.ચીફ ઓફિસરશ્રીને અને રા.પ્રમુખશ્રીને સત્તા આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ જૈમિનીબેન. આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોંધઃ-

**૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટેજ છે. જેને સત્તાKવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.**

**૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોયતો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.**

નોંધઃ-

૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટેજ છે. જેને સત્તાકવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોયતો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

**કામ નં. (૨૭) :** પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ પૌરાણિક રામનાથ તળાવનું બ્યુટીફીકેશન કરવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૨૮ / તા.૧૩/૧૦/૧૭**

મ્યુનિ. સભ્ય શ્રી અબરારબેગ. ડી. મિરઝાં, શ્રી રીફાકતખાન. એમ. પઠાણનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ પૌરાણિક રામનાથ તળાવનું બ્યટીફીકેશન કરવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં રામનાથ તળાવ ખૂબજ પૌરાણિક તળાવ આવેલ છે. જેને ડેવલોપ કરવા સરકારશ્રી દ્વારા જરૂરી ગ્રાન્ટ ફાળવી વિકાસ કરવામાં આવેલ છે. આ તળાવમાં ધાર્મિક વિધિઓ પણ કરવામાં આવે છે. અને ભગવાન શ્રી ગણેશજીની મૂર્તિ વિસર્જન પણ આ તળાવમાં કરવામાં આવે છે. જેથી આ તળાવમાં રહેલ ગંદકી દૂર કરી, ઊંડુ કરી, સફાઇ કરાવી, જરૂરિયાત મુજબનું રીપેરીગ કરાવી તેનું બ્યુટીફીકેશન કરાવવું આવશ્યક છે. આ બાબતે નગરપાલિકાને આર્થિક ભારણ ન પડે તે માટે સરકારશ્રીમાં જરૂરી દરખાસ્ત કરી તળાવ બ્યુટીફીકેશનની ગ્રાન્ટની રકમ મેળવી શકાય છે. તેથી પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ પૌરાણિક રામનાથ તળાવમાં સરકારશ્રીમાંથી મળનાર ગ્રાન્ટની રકમમાંથી તેનું બ્યુટીફીકેશન કરાવવા ઠરાવવામાં આવે છે. સદર કામે આવેલ રૂા.૩૧,૨૮,૭૦૦/- નો અંદાજીત ખર્ચ જોઇ તપાસી મંજુર કરવા ઠરાવવામાં આવે છે. ફાળવવામાં આનાર ગ્રાન્ટ ઉપરાંત થનાર વધારાનો ખર્ચ પેટલાદ નગરપાલિકાનાં સ્વભંડોળમાંથી કરવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવા મે.ચીફ ઓફિસરશ્રીને અને રા.પ્રમુખશ્રીને સત્તા આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ જૈમિનીબેન. આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૨૮) :** પેટલાદ નગરપાલિકા હસ્તકનાં આવેલ ઇ.ડબલ્યુ.એસ. પ્લોટમાં નવિન આવાસો બનાવી નગરપાલિકાનાં ઘરવિહોણા કાયમી સફાઇ કામદારોને ફાળવવા અંગે સરકારશ્રીમાં જરૂરી દરખાસ્ત કરવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૨૯ / તા.૧૩/૧૦/૧૭**

મ્યુનિ. સભ્ય શ્રી જયેશભાઇ. કે. પટેલ, શ્રીમતિ કલ્પનાબેન. આર. પટેલનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકા હસ્તકનાં આવેલ ઇ.ડબલ્યુ.એસ. પ્લોટમાં નવિન આવાસો બનાવી નગરપાલિકાનાં ઘરવિહોણા કાયમી સફાઇ કામદારોને ફાળવવા અંગે સરકારશ્રીમાં જરૂરી દરખાસ્ત કરવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકા હસ્તક ખુલ્લા પ્લોટ આવેલ છે. સરકારશ્રીનાં ધારા ધોરણ અનુસાર વર્ગ-૪ નાં સફાઇ કામદારો પૈકી ઘરવિહોણા કર્મચારીઓ ને આવાસો ફાળવવાના થાય છે. જેથી નગરપાલિકામાં વર્ગ -૪ નાં કાયમી સફાઇ કામદારો પૈકી ઘર વિહોણા કર્મચારીઓને ૨૫ ચો.મી. નાં પ્લોટ કે આવાસ ફાળવવાનાં થાય છે. જેથી પેટલાદ નગરપાલિકા હસ્તકનાં પ્લોટ પૈકી જરૂરિયાત મુજબનો પ્લોટ નક્કી કરી તેમાં આવાસો બનાવવા સરકારશ્રીમાં દરખાસ્ત કરવા ઠરાવવામાં આવે છે. અને સરકારશ્રીમાંથી મંજુર થઇ આવ્યેથી પેટલાદ નગરપાલિકામાં ફરજ બજાવતાં વર્ગ -૪ નાં ઘર વિહોણા કર્મચારીઓને ઘટતી કાર્યવાહી કરી યોગ્ય પ્રક્રિયાથી ફાળવવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવા મે.ચીફ ઓફિસરશ્રીને અને રા.પ્રમુખશ્રીને સત્તા આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ જૈમિનીબેન. આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોંધઃ-

૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટેજ છે. જેને સત્તાfવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોયતો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

**કામ નં. (૨૯) :** પેટલાદ નગરપાલિકાનાં જન્મ-મરણ અને લગ્ન નોંધણી વિભાગમાંથી આપવામાં આવતાં દાખલાની નકલ ફી માં વધારો કરવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૩૦ / તા.૧૩/૧૦/૧૭**

મ્યુનિ. સભ્ય શ્રીમતિ રેણુકાબેન. આર. વાઘેલા, શ્રીમતિ કલ્પનાબેન. આર. પટેલનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકાનાં જન્મ-મરણ અને લગ્ન નોંધણી વિભાગમાંથી આપવામાં આવતાં દાખલાની નકલ ફી માં વધારો કરવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકાનાં જન્મ-મરણ-લગ્ન નોંધણી વિભાગ તરફથી નાગરિકોને જન્મ, મરણ અને લગ્ન નોંધણીની નકલો આપવામાં આવે છે. આ નકલની ફી જન્મ-મરણ નકલ ફી રૂ.૧૫/- અને શોધાઇ ફી રૂ.૨/- તથા લગ્ન નોંધણી નકલ ફી રૂ.૧૦૦/- વસુલવામાં આવે છે. જે છેલ્લા ઘણાં સમયથી વસુલવામાં આવે છે. નગરપાલિકાનાં રોજ બરોજનાં ખર્ચ તથા કોમ્પ્ટર મેન્ટેનન્સ ખર્ચ, સોફ્ટવેર ખર્ચ, સ્ટેશનરી ખર્ચ વિગેરે થતાં ખર્ચને જોતા આ નકલ ફી માં વધારો કરવો યોગ્ય જણાય છે. તેથી જન્મ તથા મરણ દાખલાની નકલ ફી માં વધારો કરી રૂ.૧૦૦/- પ્રતિ નકલ અને શોધાઇ ફી રૂ.૧૦/- કરવા તેમજ લગ્ન નોંધણી નકલ ફી માં વધારો કરી રૂ.૧૧૦૦/- કરવા ઠરાવવામાં આવે છે. સદર બાબતનો અમલ તા.૦૧/૧૧/૨૦૧૭ થી કરવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવા મે.ચીફ ઓફિસરશ્રીને અને રા.પ્રમુખશ્રીને સત્તા આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ જૈમિનીબેન. આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૩૦) :** પેટલાદ નગરપાલિકાને સરકારશ્રી દ્વારા ફાળવવામાં આવેલ વિવિધ ગ્રાન્ટની બચત રહેનાર રકમમાંથી વિકાસનાં કામો હાથ ધરવા અંગેની સત્તા મે.ચીફ ઓફિસરશ્રી તથા રા.પ્રમુખશ્રીને આપવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૩૧ / તા.૧૩/૧૦/૧૭**

મ્યુનિ. સભ્ય શ્રીમતિ કલ્પનાબેન. આર. પટેલ, શ્રીમતિ રેણુકાબેન. આર. વાઘેલાનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકાને સરકારશ્રી દ્વારા ફાળવવામાં આવેલ વિવિધ ગ્રાન્ટની બચત રહેનાર રકમમાંથી વિકાસનાં કામો હાથ ધરવા અંગેની સત્તા મે.ચીફ ઓફિસરશ્રી તથા રા.પ્રમુખશ્રીને આપવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકા દ્વારા હાલમાં વિવિધ ગ્રાન્ટની રકમમાંથી જરૂરી ઠરાવ કરી કામગીરી હાથ ધરવામાં આવેલ છે. જેનાં કેટલાંક કામ પૂર્ણ થયેલ છે. અને આખરી બીલનું ચૂકવણું બાકી છે. તથા કેટલાંક કામ ટૂંક સમયમાં પૂર્ણ થનાર છે. જે તમામ કામો પૂર્ણ થતાં કેટલીક ગ્રાન્ટની રકમમાંથી જે તે ગ્રાન્ટની બચત રહેવાની શકયતા છે. જે બચત રહેનાર ગ્રાન્ટની રકમમાંથી પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં વિકાસનાં કામો નક્કી કરી હાથ ધરવા અંગેની સત્તા મે.ચીફ ઓફિસરશ્રીને અને રા.પ્રમુખશ્રીને આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ જૈમિનીબેન. આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોંધઃ-

**૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટેજ છે. જેને સત્તાનવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.**

**૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોયતો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.**

**કામ નં. (૩૧) :** પેટલાદ નગરપાલિકાને સરકારશ્રી દ્વારા ફાળવવામાં આવેલ યુ.ડી.પી.-૮૮ હેઠળની ગ્રાન્ટની રકમમાંથી અગાઉ કારોબારી સમિતિમાં મંજુર કરેલ કામને સામાન્ય સભા તરફ કરેલ ભલામણ નાં કામની અમલવારી મોકુફ રાખી નવિન વિકાસનાં કામો હાથ ધરવા અંગેની સત્તા મે.ચીફ ઓફિસરશ્રી તથા રા.પ્રમુખશ્રીને આપવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૩૨ / તા.૧૩/૧૦/૧૭**

મ્યુનિ. સભ્ય શ્રી અબરારબેગ. ડી. મિરઝાં, શ્રી રીફાકતખાન. એમ. પઠાણનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકાને સરકારશ્રી દ્વારા ફાળવવામાં આવેલ યુ.ડી.પી.-૮૮ હેઠળની ગ્રાન્ટની રકમમાંથી અગાઉ કારોબારી સમિતિમાં મંજુર કરેલ કામને સામાન્ય સભા તરફ કરેલ ભલામણ નાં કામની અમલવારી મોકુફ રાખી નવિન વિકાસનાં કામો હાથ ધરવા અંગેની સત્તા મે.ચીફ ઓફિસરશ્રી તથા રા.પ્રમુખશ્રીને આપવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં સરકારશ્રી દ્વારા યુ.ડી.પી.-૮૮ હેઠળની સને ૨૦૧૭-૧૮ ની ગ્રાન્ટની રકમ પેટલાદ નગરપાલિકાને ફાળવવામાં આવેલ છે. સદર ગ્રાન્ટની રકમમાંથી કારોબારી સમિતિનાં ઠરાવ નં.૭ / તા.3/૭/૧૭ થી (૧) પરમાણિયા તળાવની ખુલ્લી જગ્યામાં દુકાનો તથા વોક-વે સહિત બેઠક વ્યવસ્થા કરવી તથા (૨) રેલ્વે પોલિસ સ્ટેશનથી ફાટક તરફ નવિન શોપિંગ સેન્ટર બનાવવાની કામગીરી જેવા વિકાસનાં કામો હાથ ધરવાની ભલામણ સહ ઠરાવ કરી આગળની કાર્યવાહી અર્થે સામાન્ય સભા તરફ મોકલવા ઠરાવેલ છે. જે કામગીરી કરવા હાલ પૂરતું મુલત્વી રાખવા ઠરાવવામાં આવે છે. અને સદર ગ્રાન્ટની રકમમાંથી પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં વિકાસનાં કામો નક્કી કરી હાથ ધરવા અંગેની સત્તા મે.ચીફ ઓફિસરશ્રીને અને રા.પ્રમુખશ્રીને આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ જૈમિનીબેન. આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૩૨) :** પેટલાદ નગરપાલિકામાં કરાર આધારિત અને ફીકસ પગારથી ફરજ બજાવતાં કર્મચારીઓને ઇ.પી.એફ. યોજનામાં સમાવવા અંગે મે.નગરપાલિકા નિયામકશ્રીનો આવેલ પત્ર તથા રીપોર્ટ અને તે પરત્વે કન્સલ્ટન્ટશ્રીની નિમણૂંક કરવા બાબતનું કામ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. 33 / તા.૧૩/૧૦/૧૭**

મ્યુનિ. સભ્ય શ્રી ગોવિંદભાઇ. આર. તળપદા, શ્રીમતિ ગૌરીબેન. કે. તળપદાનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકામાં કરાર આધારિત અને ફીકસ પગારથી ફરજ બજાવતાં કર્મચારીઓને ઇ.પી.એફ. યોજનામાં સમાવવા અંગે મે.નગરપાલિકા નિયામકશ્રીનો આવેલ પત્ર તથા રીપોર્ટ અને તે પરત્વે કન્સલ્ટન્ટશ્રીની નિમણૂંક કરવા બાબતનું કામ વંચાણમાં લીધુ. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકામાં ફરજ બજાવતાં કર્મચારીઓ પૈકી જી.પી.એફ. નો લાભ લેતાં કર્મચારી સિવાય ફીકસ પગારથી કે કરાર આધારિત વિગેરે જેવા કર્મચારીઓ ફરજ બજાવે છે. તેવા કર્મચારીઓને સરકારશ્રીની ઇ.પી.એફ. યોજનામાં સમાવેશ કરવા ગુજરાત સરકારશ્રીનાં શ્રમ અને રોજગાર વિભાગ, ગાંધીનગરનાં પરિપત્ર ક્રમાંકઃ ઇપીએફ / ૧૮૨૦૧૬ / ૩૬૮૫૯૬ / મ(૩) તા.૦૭/૦૩/૨૦૧૭ થી પરિપત્ર પાઠવી સરકારી વિભાગો, સરકારી જાહેર નિગમો, રાજયની સરકારી સંસ્થાઓ અને બોડીઓમાં આઉટ સોર્સીસથી કામ કરતાં કર્મચારીઓને કામદાર ભવિષ્યનિધિ અને પરચુરણ જોગવાઇઓનાં અધિનિયમ, ૧૯૫૨ અંતર્ગત ભવિષ્ય નિધિ, પેન્શન અને ઇ.ડી.એલ.આઇ. યોજના, ૧૯૭૬ નો લાભ આપવા પરિપત્ર પાઠવેલ છે. અને આ અંગે ઘટતી કાર્યવાહી કરવા સરકારશ્રીનાં શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, ગાંધીનગર કચેરીનાં પત્ર ક્રમાંકઃ પરચ / ૧૨૨૦૧૭ / આઇબી-૧૬૮/આર તા.૨૮/૦૩/૨૦૧૭ થી તથા મે. નગરપાલિકા નિયામકશ્રી કચેરી, ગાંધીનગર કચેરીનાં પત્ર ક્રમાંક : નપાનિ / મહેકમ -૧ / વશી /૧૧૯૮ / ૨૦૧૭ તા.૩૧/૦૮/૨૦૧૭ થી જણાવેલ છે. તે આધારે પેટલાદ નગરપાલિકામાં ફીકસ પગારથી, કરાર આધારિત કર્મચારીઓ કે આઉટ સોર્સીસથી રોકવામાં આવેલ કર્મચારીઓને ઇ.પી.એફ. યોજનામાં સમાવેશ કરવા ઠરાવવામાં આવે છે. જે માટે આગળની ઘટતી કાર્યવાહી કરવા કન્સલ્ટન્ટ પણ રોકવા જરૂરી છે. તે માટે આવી કામગીરી કરતાં અને અનુભવી એવા કન્સલ્ટન્ટશ્રી દિનકર ડી. ભટ્ટને માસિક ઉચ્ચક રૂા.૨,૫૦૦/- નાં માનદ્વેતનથી રોકવા ઠરાવવામાં આવે છે. આ અંગે જરૂરી કરાર કરવા તેમજ ઘટતી આનુષાંગિક તમામ કાર્યવાહી હાથ ધરવા મે.ચીફ ઓફિસરશ્રીને અને રા.પ્રમુખશ્રીને સત્તા આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ જૈમિનીબેન. આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોંધઃ-

૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટેજ છે. જેને સત્તા)વાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોયતો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

**કામ નં. (૩૩) :** સરકારશ્રીમાંથી આવતાં વિવિધ પરિપત્રો વંચાણમાં લઇ તેનો અમલ કરવા અંગે યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૩૪ / તા.૧૩/૧૦/૧૭**

મ્યુનિ. સભ્ય શ્રીમતિ રેણુકાબેન. આર. વાઘેલા, શ્રી પુનિતકુમાર. એમ. ડાભીનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

સરકારશ્રીમાંથી આવતાં વિવિધ પરિપત્રો વંચાણમાં લીધાં. સારાસારનો વિચાર કરતાં સરકારશ્રીનાં શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, ગાંધીનગરનાં પરિપત્ર ક્રમાંકઃ નરચ / ૧૧૨૦૧૭ / ૧૯૩૧ / લ તા.૨૦/૦૫/૨૦૧૭ થી પાઠવેલ પરિપત્રમાં જણાવેલ વિગતોએ તેનો અમલ કરવાનો થાય છે. સદર બાબતે મે. નગરપાલિકા નિયામકશ્રી કચેરી. ગાંધીનગરનાં ઇ-મેલ પત્ર ક્રમાંક : નપાનિ / સંકલન / વશી / ૭૭૩૧ / ૨૦૧૭ તા.૦૪/૦૭/૨૦૧૭ થી ઘટતી કાર્યવાહી કરવા પણ જણાવેલ છે. તે આધારે પેટલાદ નગરપાલિકા દ્વારા પરિપત્રમાં જણાવેલ વિગતોએ અમલવારી કરવા ઠરાવવામાં આવે છે. આ અંગે જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવા મે.ચીફ ઓફિસરશ્રીને અને રા.પ્રમુખશ્રીને સત્તા આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ જૈમિનીબેન. આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૩૪) :** પેટલાદ નગરપાલિકામાં હાલમાં ખાલી પડેલ જગ્યાઓ પર બઢતી આપી જગ્યાઓ ભરવા અંગે સરકારશ્રીનાં મે. નગરપાલિકા નિયામકશ્રીમાંથી આવેલ મંજુરી હુકમ અન્વયે ભરતી કરવા બાબત.

**ઠરાવ નં. ૩૫ / તા.૧૩/૧૦/૧૭**

મ્યુનિ. સભ્ય શ્રી રીફાકતખાન. એમ. પઠાણ, શ્રી અબરારબેગ. ડી. મિરઝાંનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકામાં હાલમાં ખાલી પડેલ જગ્યાઓ પર બઢતી આપી જગ્યાઓ ભરવા અંગે સરકારશ્રીનાં મે. નગરપાલિકા નિયામકશ્રીમાંથી આવેલ મંજુરી હુકમ અન્વયે ભરતી કરવા બાબતનું કામ વંચાણમાં લીધું. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકામાં કાયમી કર્મચારીની ફરજ બજાવતાં કર્મચારીઓ પૈકી વયમર્યાદાને કારણે નિવૃત્ત થતાં તેવી જગ્યાઓ ઘણાં લાંબા સમયથી ખાલી રહેવા પામેલ છે. અને તેવી જગ્યાઓની કામગીરી અન્ય કર્મચારીને ચાર્જ સોંપી કરાવવામાં આવે છે. જેથી કર્મચારીઓ પર કામનું ભારણ વધે છે. તેથી આવી ખાલી પડેલ જગ્યાઓની ભરતી કરવા વખતો વખતનાં સામાન્ય સભામાં જરૂરી ઠરાવ કરી સરકારશ્રીનાં મે. નગરપાલિકા નિયામકશ્રીની કચેરી, ગાંધીનગર ખાતે દરખાસ્ત કરવામાં આવતાં તેઓની કચેરીનાં હુકમ ક્રમાંક : નપાનિ / મહેકમ-૧ / પેટલાદ / ફા.નં.૧૧૯૦ / વશી / ૨૦૧૭ / ૧૧૬૫૭ તા.૩૧/૦૮/૨૦૧૭ થી નગરપાલિકામાં ખાલી પડેલ જગ્યાઓ પૈકી આવશ્યક એવી ઓફિસ સુપ્રિટેન્ડન્ટ તથા ટેક્ષ ઇન્સપેકટરની જગ્યાઓ શરતોને આધિન બઢતીથી ભરવા મંજુરી આપવામાં આવેલ છે. તે આધારે નગરપાલિકા દ્વારા તૈયાર કરવામાં આવેલ શ્રેયાન યાદી તથા યોગ્ય લાયકાતને ધ્યાને લઇ અને અનુભવ આધારે યોગ્ય કર્મચારીને ઓફિસ સુપ્રિટેન્ડન્ટનાં હોદ્દા પર બઢતી આપી નિમણૂંક આપવા તથા ટેક્ષ ઇન્સપેકટર ના હોદ્દા પર યોગ્ય કર્મચારીને બઢતી આપી નિમણૂંક આપવા ઠરાવવામાં આવે છે. સદર બાબતનો અમલ તા.૦૧/૧૦/૨૦૧૭ થી કરવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની જરૂરી તમામ આનુષાંગિક કાર્યવાહી હાથ ધરવા મે.ચીફ ઓફિસરશ્રીને અને રા.પ્રમુખશ્રીને સત્તા આપવા ઠરાવવામાં આવે છે.

આ ઉપરાંત પેટલાદ નગરપાલિકાની સામાન્ય સભાનાં ઠરાવ નં.૧૪૨ / તા.૨૪/૧૦/૨૦૧૬ થી ઠરાવ્યા આધારે પેટલાદ નગરપાલિકામાં સફાઇ કામદારની ફરજ બજાવતાં કર્મચારી શ્રી મનુભાઇ ખુશાલભાઇ જાદવ એ બઢતી મેળવવા કરેલ અરજી બાબતે ઠરાવ કરી મે.નગરપાલિકા નિયામકશ્રીમાં દરખાસ્ત કરવામાં આવેલ છે. જે હાલમાં પેન્ડિંગ છે. તેથી તે બાબતે આવનાર મંજુરીને બહાલ રાખી મંજુરી મળ્યેથી તેઓને યોગ્ય લાયકાતને આધિન ખાલી રહેતી જગ્યા પર બઢતી આપવા ઠરાવવામાં આવે છે. અને મંજુરી મળ્યેથી તેનો અમલ કરવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવા મે.ચીફ ઓફિસરશ્રીને અને રા.પ્રમુખશ્રીને સત્તા આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ જૈમિનીબેન. આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોંધઃ-

૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટેજ છે. જેને સત્તાKવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોયતો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

નોંધઃ-

**૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટેજ છે. જેને સત્તાપવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.**

**૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોયતો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.**

**કામ નં. (૩૫) :** પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં નવિન બનાવવામાં આવનાર ફુવારામાં પાણીનાં ફુવારાને બદલે થીમ આધારિત સર્કલ બનાવવા અંગે સુધારા ઠરાવ કરવા બાબતનો આવેલ રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૩૬ / તા.૧૩/૧૦/૧૭**

મ્યુનિ. સભ્ય શ્રી ગુલામદસ્તગીર. એન. વહોરા, શ્રી ભાવિનકુમાર. એમ. પટેલનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં નવિન બનાવવામાં આવનાર ફુવારામાં પાણીનાં ફુવારાને બદલે થીમ આધારિત સર્કલ બનાવવા અંગે સુધારા ઠરાવ કરવા બાબતનો આવેલ રીપોર્ટ વંચાણમા લીધો. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં જુદા જુદા સ્થળોએ નવિન ફુવારા બનાવવા બાબતે નગરપાલિકાની વખતો વખતની સામાન્ય સભામાં ઠરાવ કરવામાં આવેલ છે. સદર ઠરાવમાં ફુવારા બનાવવા ઠરાવેલ છે. પરંતુ ફુવારા બનાવવાથી પાણીનો થતો બગાડ, સફાઇ, વીજ બીલ, મેન્ટેનન્સ વિગેરે જેવી બાબતો જોતાં પાણીનાં ફુવારાને બદલે જો થીમ આધારિત સર્કલ બનાવવામાં આવે તે યથાયોગ્ય જણાય છે. તેથી પેટલાદ નગરપાલિકાની સામાન્ય સભામાં ફુવારા બાબતે કરવામાં આવેલ ઠરાવોમાં સુધારા ઠરાવ કરી થીમ આધારિત સર્કલ બનાવવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવા મે.ચીફ ઓફિસરશ્રીને અને રા.પ્રમુખશ્રીને સત્તા આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ જૈમિનીબેન. આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૩૬) :** પેટલાદનાં આઉટ ગ્રોથ વિસ્તારને પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં સમાવી આ વિસ્તારોમાં આવેલ મિલકતોની આકારણી કરી વેરો આકારવા તથા જે તે વિસ્તારોમાં સ્ટ્રીટ લાઇટ સુવિધા પુરી પાડવા સરકારશ્રીમાં પૂર્વ મંજુરી મેળવી ઘટતી કાર્યવાહી હાથ ધરવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૩૭ / તા.૧૩/૧૦/૧૭**

મ્યુનિ. સભ્ય શ્રી ગોવિંદભાઇ. આર. તળપદા, શ્રી ભાવિનકુમાર. એમ. પટેલનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદનાં આઉટ ગ્રોથ વિસ્તારને પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં સમાવી આ વિસ્તારોમાં આવેલ મિલકતોની આકારણી કરી વેરો આકારવા તથા જે તે વિસ્તારોમાં સ્ટ્રીટ લાઇટ સુવિધા પુરી પાડવા સરકારશ્રીમાં પૂર્વ મંજુરી મેળવી ઘટતી કાર્યવાહી હાથ ધરવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારને અડીને આવેલ પેટલાદનાં આઉટ ગ્રોથ વિસ્તારમાં વસવાટ કરતાં ઇસમોની મિલકતોની આવા વિસ્તાર નગરપાલિકા હદમાં આવતાં ન હોવાથી આકારણી થઇ શકતી નથી. પરંતુ પેટલાદનાં જ આઉટગ્રોથ વિસ્તાર હોવાથી પાણી એ જીવન જરૂરિયાત માટે આવશ્યક હોઇ ઘટતી કાર્યવાહીથી આ વિસ્તારોમાં પીવાનાં પાણીની સગવડ યોગ્ય વેરો આકારી આપવામાં આવે છે. બીજું કે આ કારણસર આવા વિસ્તારનાં નાગરિકો સફાઇ અને સ્ટ્રીટ લાઇટ જેવી પાયાની સગવડથી વંચિત રહે છે. તદ્ઉપરાંત નગરપાલિકાનાં ઇલેકશન માટેની મતદાર યાદીમાં આવા વિસ્તારનાં નાગરિકોને સમાવી ન શકવાથી તેઓ મતદાનથી પણ વંચિત રહે છે. તેથી વિપરિત, સરકારશ્રી દ્વારા હાથ ધરવામાં આવતી વસતી ગણતરીમાં આવા વિસ્તારોને પેટલાદનાં જ બ્લોક ગણવામાં આવે છે. જેથી તમામ પાસાઓને ઘ્યાને લઇ આવા વિસ્તાર પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં સમાવવા પેટલાદ નગરપાલિકાની ખાસ સામાન્ય સભામાં જરૂરી ઠરાવ નં.૮૫/ તા.૦૩/૦૨/૨૦૧૫ થી ઠરાવ કરી સરકારશ્રીનાં શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, ગાંધીનગર ખાતે દરખાસ્ત પણ કરવામાં આવેલ છે. જે હાલમાં પેન્ડિંગ છે. ત્યારબાદ વખતો વખત મંજુરી મેળવવા રજૂઆતો પણ કરવામાં આવેલ છે. આવા વિસ્તારો નગરપાલિકામાં સમાવવા જે તે વિસ્તારનાં રહીશોની અરજીઓ પણ આવેલ છે. તેમજ નગરપાલિકા પાયાની સગવડ પુરી ન પાડી શકવાથી તેની આકારણી કરી વેરો પણ આકારી શકાતો નથી. જેનાથી થતી વેરાની આવક પણ ઘુમાવવી પડે છે.

આમ, ઉપરોકત તમામ હકીકતો તથા બાબતોને ઘ્યાને લેતાં સરકારશ્રીનાં મે. નગરપાલિકા નિયામકશ્રીની કચેરી, ગાંધીનગર ખાતે જરૂરી દરખાસ્ત કરી પૂર્વ મંજુરી મેળવી નગરપાલિકાનાં આવા આઉટ ગ્રોથ વિસ્તારમાં વસવાટ કરતાં નાગરિકોને સફાઇ તથા સ્ટ્રીટલાઇટ જેવી પાયાની સુવિધાઓ પ્રાપ્ત થાય તેવા શુભાશયથી આવી મિલકતોની યોગ્ય પ્રક્રિયા અને ઘટતી કાર્યવાહીથી મંજુરી મેળવી તે મળ્યેથી આવા વિસ્તારોની મિલકતોની આકારણી કરવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવા મે.ચીફ ઓફિસરશ્રીને અને રા.પ્રમુખશ્રીને સત્તા આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ જૈમિનીબેન. આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૩૭) :** પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં હયાત કાર્યરત ભૂગર્ભ ગટર યોજનાનો શહેરનાં નાગરિકો વધુમાં વધુ લાભ લે અને શહેરમાં ગંદકી ઓછી થાય તેવા હેતુસર નગરપાલિકા દ્વારા વસુલવામાં આવતો ફકત ગટર કનેકશન ચાર્જ એક વર્ષ માટે માફ કરવા ઘટતી કાર્યવાહી હાથ ધરી સરકારશ્રીમાં જરૂરી દરખાસ્ત કરવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૩૮ / તા.૧૩/૧૦/૧૭**

મ્યુનિ. સભ્ય શ્રી રીફાકતખાન. એમ. પઠાણ, શ્રી ભાવિનકુમાર. એમ. પટેલનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં હયાત કાર્યરત ભૂગર્ભ ગટર યોજનાનો શહેરનાં નાગરિકો વધુમાં વધુ લાભ લે અને શહેરમાં ગંદકી ઓછી થાય તેવા હેતુસર નગરપાલિકા દ્વારા વસુલવામાં આવતો ફકત ગટર કનેકશન ચાર્જ એક વર્ષ માટે માફ કરવા ઘટતી કાર્યવાહી હાથ ધરી સરકારશ્રીમાં જરૂરી દરખાસ્ત કરવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં ભૂગર્ભ ગટર યોજનાનાં અગાઉ બે ઝોન કાર્યરત હતાં અને તાજેતરમાં જ ઝોન સી પણ કાર્યરત કરવામાં આવેલ છે. જેથી શહેરનાં મોટાભાગનાં વિસ્તારો ભૂગર્ભ ગટર યોજનાથી આવરી શકાય તેમ છે. આ યોજનાનો નાગરિકો વધુ લાભ લે અને શહેરમાં ઠેકઠેકાણેની પાણીની નીકો બંધ કરી તે પાછળ થતો મેન્ટેનન્સ ખર્ચ ઓછો થાય અને શહેરમાં સ્વચ્છતા જળવાય તેવા હેતુસર નગરપાલિકાની સામાન્ય સભાનાં ઠરાવ નં. ૧૪૯ / તા.૧૮/૦૨/૨૦૧૬ થી ઠરાવ કરી કનેકશન મેળવવાનાં પ્રાથમિકતાનાં વર્ષ મુજબ અલગ અલગ કનેકશન ફી વસુલવા ઠરાવેલ છે. તેમ છતાં આજદિન સુધી જોઇએ તેટલો પ્રતિસાદ મળેલ નથી. સરકારશ્રીની સ્વચ્છતા અભિયાનની ઝૂંબેશ અન્વયે શહેરમાં દરેક મિલકત ધારકો ગટર યોજનાની સગવડ લે હિતાવહ છે. તેથી વધુ આકર્ષક તરીકે અને નાગરિકો ભૂગર્ભ ગટર યોજનાનો વધુમાં વધુ લોકો લાભ લે તેવા શુભાશયથી જો એક વર્ષ માટે ગટર કનેકશન ચાર્જમાંથી મુકિત આપવામાં આવે તો વધુ મિલકત ધારકો લાભ લે તેમ જણાય છે. તેથી પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં નવિન ગટર કનેકશન મેળવવા આવતી મિલકત ધારકોની અરજી પરત્વે વસુલવામાં આવતી ગટર કનેકશન ફી તા.૧૭/૧૦/૨૦૧૭ થી એક વર્ષ માટે મુકિત આપવા ઠરાવવામાં આવે છે. સદર બાબતે યોગ્ય નિયમાનુસાર ઘટતી કાર્યવાહી હાથ ધરી તેનો અમલ કરવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવા મે.ચીફ ઓફિસરશ્રીને અને રા.પ્રમુખશ્રીને સત્તા આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ જૈમિનીબેન. આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોંધઃ-

**૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટેજ છે. જેને સત્તાકવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.**

**૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોયતો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.**

**કામ નં. (૩૮) :** પેટલાદ નગરપાલિકાનાં વારિગૃહ વિભાગનાં જુદા જુદા પંપીગ સ્ટેશનો પર કલોરિનેશન પ્લાન્ટ લગાવવા અંગે તથા રણછોડજી મંદિર પાસે આવેલ મુખ્ય હેડવર્કસ ખાતે પેનલ માઉન્ટેડ ગ્રેવીટી ટાઇપ ગેસ કલોરિનેશન પ્લાન્ટ નવિન ખરીદ કરવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૩૯ / તા.૧૩/૧૦/૧૭**

મ્યુનિ. સભ્ય શ્રી ભાવિનકુમાર. એમ. પટેલ, શ્રી પુનિતકુમાર. એમ. ડાભીનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકાનાં વારિગૃહ વિભાગનાં જુદા જુદા પંપીગ સ્ટેશનો પર કલોરિનેશન પ્લાન્ટ લગાવવા અંગે તથા રણછોડજી મંદિર પાસે આવેલ મુખ્ય હેડવર્કસ ખાતે પેનલ માઉન્ટેડ ગ્રેવીટી ટાઇપ ગેસ કલોરિનેશન પ્લાન્ટ નવિન ખરીદ કરવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમા લીધો. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકાનાં વારિગૃહ વિભાગનાં કલાલ પીપળ, કૈલાસધામ સ્મશાન ગૃહ, બાવળી જકાત નાકા, મ્યુનિ. ગાર્ડન, તેમજ ટી.પી.સ્કીમ નં.૧ નાં ઉપનગર કેન્દ્ર પાસે આવેલ બોરમાંથી પંપ મારફતે શહેરમાં સીધો પાણી પૂરવઠો આપવામાં આવે છે. જેમાં કયારેક દૂષિત પાણી થવાથી રોગચાળો ફાટી નીકળવાની સંભાવના છે. તેને નિવારવા કલોરિનેશન માટે બ્લીચીગ ડોઝીગ પ્લાન્ટ નવિન ખરીદ કરી ફીટ કરાવવાનાં થાય છે. બીજું કે, રણછોડજી મંદિર પાસે આવેલ મુખ્ય હેડવર્કસ ખાતે બેસાડવામાં આવેલ કલોરિનેશન પ્લાન્ટ ઘણાં વર્ષ જુનો છે. તેથી જોઇએ તેટલો કાર્યદક્ષ ન હોવાથી વારંવાર બગડી જાય છે. અને તે પાછળ અર્થહિન ખર્ચ પણ થાય છે. તેથી રણછોડજી મંદિર પાસે આવેલ મુખ્ય હેડ વર્કસ ખાતે પેનલ માઉન્ટેડ ગ્રેવીટી ટાઇપ ગેસ કલોરિનેશન પ્લાન્ટ નવિન ખરીદ કરી ફીટ કરાવવો જરૂરી છે. આ માટે આરોગ્ય વિભાગ દ્વારા સુચના પણ આપવામાં આવેલ છે. જેથી કલોરિનેશન ડોઝીગ પ્લાન્ટ કુલ નંગ -૦૫ ખરીદ કરવા તથા પેનલ માઉન્ટેડ ગ્રેવીટી ટાઇપ ગેસ કલોરિનેશન પ્લાન્ટ ખરીદ કરવા ઠરાવવામાં આવે છે. ગુજરાત મ્યુનિપિલ ફાઇનાન્સ બોર્ડ દ્વારા ફાળવેલ ૧૪ મા નાણાંપંચ અંતર્ગતની પેટલાદ નગરપાલિકાને ફાળવેલ ગ્રાન્ટની રકમમાંથી સદર પ્લાન્ટ ખરીદ કરવા ઠરાવવામાં આવે છે. સદર કામે એક ડોઝીગ પ્લાન્ટનો આવેલ અંદાજીત ખર્ચ રૂા.૬૭,૫૪૫/- તથા ગ્રેવીટી ટાઇપ ગેસ કલોરિનેશન પ્લાન્ટનો રૂા.૧,૦૪,૮૩૦/- નો આવેલ અંદાજીત ખર્ચ જોઇ તપાસી મંજુર કરવા ઠરાવવામાં આવે છે. ફાળવેલ ગ્રાન્ટ ઉપરાંત થનાર વધારાનો ખર્ચ પેટલાદ નગરપાલિકાનાં સ્વભંડોળમાંથી કરવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવા મે.ચીફ ઓફિસરશ્રીને અને રા.પ્રમુખશ્રીને સત્તા આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ જૈમિનીબેન. આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૩૯) :** પેટલાદ નગરપાલિકાનાં વારિગૃહ વિભાગનાં રણછોડજી મંદિર પાસે આવેલ હેડ વર્કસ તથા સંતરામપુરા પાસે આવેલ હેડવર્કસ ખાતે સ્પેર પુલેન સબમર્સિબલ પંપ તથા એ.ટી.એસ. પેનલ સેટ નંગ -૦૨ નવિન ખરીદ કરવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૪૦ / તા.૧૩/૧૦/૧૭**

મ્યુનિ. સભ્ય શ્રીમતિ રેણુકાબેન. આર. વાઘેલા, શ્રીમતિ કલ્પનાબેન. આર. પટેલનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકાનાં વારિગૃહ વિભાગનાં રણછોડજી મંદિર પાસે આવેલ હેડ વર્કસ તથા સંતરામપુરા પાસે આવેલ હેડવર્કસ ખાતે સ્પેર પુલેન સબમર્સિબલ પંપ તથા એ.ટી.એસ. પેનલ સેટ નંગ -૦૨ નવિન ખરીદ કરવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકાનાં વારિગૃહ વિભાગનાં રણછોડજી મંદિર પાસે તથા સંતરામપુરા હેડવર્કસ ખાતે અન્ડરગ્રાઉન્ડ સમ્પમાંથી ઓવરહેડ ટાંકીઓ ભરવા માટે ઉપયોગમાં લેવામાં આવતાં સબમર્સિબલ પંપ ઘણાં જુનાં છે. જેથી તે આકસ્મિક રીતે ખોટકાઇ જાય તો શહેરમાં આપવામાં આવતો પાણી પૂરવઠો એકાએક અટકી પડે તેમ છે. તેથી જો બન્ને હેડ વર્કસ માટે અલગ અલગ એચ પી.નાં એક-એક સ્પેર પંપ ખરીદ કરવામાં આવે તો પડનાર મુશ્કેલી નિવારી શકાય તેમ છે. તેથી પેટલાદ નગરપાલિકાનાં વારિગૃહ વિભાગનાં રણછોડજી મંદિર પાસેનાં હેડ વર્કસ તથા સંતરામપુરા હેડ વર્કસ માટે એક-એક પુલેન ટાઇપ સબમર્સિબલ મોટર, પંપ તથા એ.ટી.એસ. સ્ટાર્ટર પેટલાદ નગરપાલિકાને ફાળવેલ ૧૪ મા નાણાંપંચની ગ્રાન્ટની રકમમાંથી નવિન ખરીદ કરવા ઠરાવવામાં આવે છે. સદર કામે આવેલ રૂા.૮,૮૩,૧૦૦/- નાં અંદાજીત ખર્ચને જોઇ તપાસી મંજુર કરવા ઠરાવવામાં આવે છે. ફાળવેલ ગ્રાન્ટ ઉપરાંત થનાર વધારાનો ખર્ચ પેટલાદ નગરપાલિકાનાં સ્વભંડોળમાંથી કરવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવા મે.ચીફ ઓફિસરશ્રીને અને રા.પ્રમુખશ્રીને સત્તા આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ જૈમિનીબેન. આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોંધઃ-

૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટેજ છે. જેને સત્તાાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોયતો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

**કામ નં. (૪૦) :** પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ મિલકતોમાં સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત ડસ્ટબીન વિતરણ કરવા કરેલ કાર્યવાહી બાબતે અગાઉ કારોબારી સમિતિમાં થયેલ ઠરાવ રદ કરી અગાઉ આપેલ ડસ્ટબીન પૈકી બાકી રહેલ મિલકતોમાં લીલા અને વાદળી રંગનાં ડસ્ટબીન સ્વચ્છ ભારત મિશનનાં "જેમ પોર્ટલ" પરથી નવિન ખરીદ કરી જે તે મિલકત ધારકોને વિતરણ કરવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૪૧ / તા.૧૩/૧૦/૧૭**

મ્યુનિ. સભ્ય શ્રીમતિ કલ્પનાબેન. આર. પટેલ, શ્રીમતિ રેણુકાબેન. આર. વાઘેલાનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ મિલકતોમાં સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત ડસ્ટબીન વિતરણ કરવા કરેલ કાર્યવાહી બાબતે અગાઉ કારોબારી સમિતિમાં થયેલ ઠરાવ રદ કરી અગાઉ આપેલ ડસ્ટબીન પૈકી બાકી રહેલ મિલકતોમાં લીલા અને વાદળી રંગનાં ડસ્ટબીન સ્વચ્છ ભારત મિશનનાં "જેમ પોર્ટલ" પરથી નવિન ખરીદ કરી જે તે મિલકત ધારકોને વિતરણ કરવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાંલીધો. સારાસારનો વિચાર કરતાં સરકારશ્રી દ્વારા ૨૦૧૯ મા વર્ષમાં મહાત્મા ગાંધીજીની ૧૫૦ મી જન્મ જયંતિ ઉજવવામાં આનાર હોઇ નગરપાલિકા દ્વારા જુદા જુદા કાર્યક્રમો યોજી સફાઇની કામગીરીને પ્રાધાન્ય આપવામાં આવેલ છે. તેથી વિશ્વ પર્યાવરણ દિનની ઉજવણી નિમિત્તે ઘનકચરાનું ડોર ટુ ડોર કલેકશન થાય તે માટેની કાર્યવાહી કરવા જણાવેલ છે. જેનાં ભાગરૂપે ભીનો કચરો અને સૂકો કચરો એમ અલગ-અલગ એકત્રિત કરી તેનો સુયોગ્ય નિકાલ કરવાનાં હેતુસર શહેરમાં આવેલ તમામ મિલકતોમાં લીલા અને વાદળી રંગનાં ડસ્ટબીન લોકભાગીદારીથી વિતરણ કરવામાં આવેલ છે. જે ખરીદ કરવાનાં કામે કારોબારી સમિતિનાં ઠરાવ નં.૧ તા.૦૩/૦૬/૨૦૧૭ થી કરેલ ઠરાવ રદ કરી નવેસરથી કાર્યવાહી કરવા યોગ્ય જણાય છે. જેથી અગાઉ વિતરણ કરેલ ડસ્ટબીન સિવાય બાકી રહેતી મિલકતોમાં જે તે મિલકત ધારક પાસેથી ઘરવેરા પહોંચ મેળવી તેમાં યોગ્ય નોંધ કરી શહેરની તમામ મિલકતોમાં ડસ્ટબીન વિતરણ કરવાનાં થાય છે. સરકારશ્રી દ્વારા પેટલાદ નગરપાલિકાને સ્વચ્છ ભારત મિશનની ગ્રાન્ટની રકમ ફાળવેલ છે. સદર ગ્રાન્ટની રકમમાંથી શહેરમાં આવેલ મિલકતો પૈકી બાકી રહેલ મિલકતોમાં લીલા અને વાદળી રંગનાં ડસ્ટબીન સરકારશ્રીનાં સ્વચ્છ ભારત મિશનનાં "જેમ પોર્ટલ" પરથી ઘટતી કાર્યવાહી હાથ ધરી નવિન ખરીદ કરી વિતરણ કરવા ઠરાવવામાં આવે છે. ફાળવેલ ગ્રાન્ટ ઉપરાંત થનાર વધારાનો ખર્ચ પેટલાદ નગરપાલિકાનાં સ્વભંડોળમાંથી કરવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવા મે.ચીફ ઓફિસરશ્રીને અને રા.પ્રમુખશ્રીને સત્તા આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ જૈમિનીબેન. આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૪૧) :** પેટલાદ નગરપાલિકાનાં જે.સી.બી. વાહન નં.જી.જે.-૧૮-જી-૮૭૮૮ નાં ટાયર વપરાશને કારણે ખરાબ થઇ ગયેલ હોઇ તેનાં આગળ પાછળનાં સહિત નવિન ટાયર નંગ -૦૪ નવિન ખરીદ કરવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૪૨ / તા.૧૩/૧૦/૧૭**

મ્યુનિ. સભ્ય શ્રીમતિ રેણુકાબેન. આર. વાઘેલા, શ્રીમતિ હેતલબેન. એ. પટેલનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકાનાં જે.સી.બી. વાહન નં.જી.જે.-૧૮-જી-૮૭૮૮ નાં ટાયર વપરાશને કારણે ખરાબ થઇ ગયેલ હોઇ તેનાં આગળ પાછળનાં સહિત નવિન ટાયર નંગ -૦૪ નવિન ખરીદ કરવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકાનાં સેનેટરી વિભાગ તથા બાંધકામ વિભામાં ઉપયોગમાં લેવામાં આવતાં જે.સી.બી. વાહન નં.જી.જે.-૧૮જી-૮૭૮૮ તેનાં રોજબરોજનાં વપરાશને કારણે ટાયર ઘસાઇ ગયેલ છે. અને એક ટાયર ફાટી ગયેલ છે. જેથી વાહનની સુરક્ષા અર્થે આગળ પાછળનાં ટાયર સહિત કુલ ટાયર નંગ-૦૪ નવિન ખરીદ કરી ફીટ કરાવવાનાં થાય છે. તેથી પેટલાદ નગરપાલિકાનાં જે.સી.બી. વાહન નં.જી.જે.-૧૮જી-૮૭૮૮ નાં ટાયર નંગ -૦૪ નવિન ખરીદ કરી ફીટ કરાવવા ઠરાવવામાં આવે છે. સદર કામે આવેલ રૂા.૭૩,૧૫૭/- નાં ખર્ચને જોઇ તપાસી મંજુર કરવા ઠરાવવામાં આવે છે. સદર કામે થનાર ખર્ચ પેટલાદ નગરપાલિકાનાં સ્વભંડોળમાંથી કરવા ઠરાવવામાં આવે છે.આ અંગે આગળની જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવા મે.ચીફ ઓફિસરશ્રીને અને રા.પ્રમુખશ્રીને સત્તા આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ જૈમિનીબેન. આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૪૨) :** પેટલાદ નગરપાલિકાનાં વેકયુમ એમ્પ્ટીયર વાહન નં.જી.જે.-૭-ઝેડ-૫૭૭૭ નાં વપરાશને કારણે બગડી જવાથી તેનું તાત્કાલિક રીપેરીંગ કરાવવું જરૂરી હોઇ સામાન્ય સભાની

મંજુરીની અપેક્ષાએ તેને રીપેરીગ કરાવવા અંગે કરેલ કાર્યવાહી તથા હુકમને બહાલી આપવા બાબતનું કામ.

**ઠરાવ નં. ૪૩ / તા.૧૩/૧૦/૧૭**

મ્યુનિ. સભ્ય શ્રીમતિ કલ્પનાબેન. આર. પટેલ, શ્રીમતિ હેતલબેન. એ. પટેલનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકાનાં વેકયુમ એમ્પ્ટીયર વાહન નં.જી.જે.-૭-ઝેડ-૫૭૭૭ નાં વપરાશને કારણે બગડી જવાથી તેનું તાત્કાલિક રીપેરીગ કરાવવું જરૂરી હોઇ સામાન્ય સભાની મંજુરીની અપેક્ષાએ તેને રીપેરીગ કરાવવા અંગે કરેલ કાર્યવાહી તથા હુકમને બહાલી આપવા બાબતનું કામ વંચાણમાં લીધું. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકાનાં સેનેટરી વિભાગમાં ઉપયોગમાં લેવામાં આવતાં વેકયુમ એમ્પ્ટીયર વાહન નં.જી.જે.-૭ ઝેડ-૫૭૭૭ તેનાં રોજબરોજનાં વપરાશને કારણે બગડી જવા પામેલ તેથી શહેરમાં આવેલ જાહેર શૌચાલયોની સફાઇ કામગીરી ખોરવાઇ ન જાય તે માટે તેનું રીપેરીગ કરાવવું આવશ્યક હોઇ પેટલાદ નગરપાલિકાનાં વેકયુમ એમ્પ્ટીયર વાહન નં.જી.જે.૭-ઝેડ-૫૭૭૭ ને રીપેરીગ કરાવવા અંગે સામાન્ય સભાની મંજુરીની અપેક્ષાએ કરેલ કાર્યવાહી તથા હુકમને બહાલી આપવા ઠરાવવામાં આવે છે. સદર કામે થનાર રૂા.૩૪,૦૦૦/- નો ખર્ચ જોઇ તપાસી મંજુર કરવા ઠરાવવામાં આવે છે. સદર ખર્ચ પેટલાદ નગરપાલિકાનાં સ્વભંડોળમાંથી કરવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવા મે.ચીફ ઓફિસરશ્રીને અને રા.પ્રમુખશ્રીને સત્તા આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ જૈમિનીબેન. આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૪૩) :** પેટલાદ નગરપાલિકાનાં વારિગૃહ વિભાગની વિવિધ કામગીરી માટે મંગાવવામાં આવેલ વાર્ષિક ભાવપત્રો પરત્વે કરેલ કાર્યવાહી અંગે રીપોર્ટમાં જણાવેલ બાબતે યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૪૪ / તા.૧૩/૧૦/૧૭**

મ્યુનિ. સભ્ય શ્રીમતિ કલ્પનાબેન. આર. પટેલ, શ્રીમતિ હેતલબેન. એ. પટેલનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકાનાં વારિગૃહ વિભાગની વિવિધ કામગીરી માટે મંગાવવામાં આવેલ વાર્ષિક ભાવપત્રો પરત્વે કરેલ કાર્યવાહી અંગે રીપોર્ટ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકાનાં વારિગૃહ વિભાગની રોજબરોજની જરૂરી કામગીરી અર્થે મંગાવવામાં આવતાં વાર્ષિક ધોરણનાં ભાવો પરત્વે ઘટતી કાર્યવાહી હાથ ધરવામાં આવતાં નીચે જણાવેલ વિગતોએ કાર્યવાહી કરવા ઠરાવવામાં આવે છે. અને મંજુર કરવા પાત્ર થતાં ભાવપત્રો મંજુર કરવા ઠરાવવામાં આવે છે.

| અ.નં. | કામનું નામ | આવેલ ટેન્ડરોની વિગત |
|---|---|---|
| ૧. | વારિગૃહ વિભાગ માટે પી.વી.સી. ગેલ્વેનાઇઝ, એચ.ડી.પી.ઇ. અને કાસ્ટ આયર્ન પાઇપ ફીટીગ માલસામાન ખરીદ કરવાનું કામ | નિયમાનુસાર તુલનાત્મક ત્રણ ભાવપત્ર આવેલ ન હોઇ રીટેન્ડરીગ કરવા પાત્ર. |
| ૨. | વારિગૃહ વિભાગનાં વિવિધ મેન્ટેનન્સનાં કામે પાઇપ લાઇન નાંખવા ખોદાણ-પુરાણ કામ અને પાઇપ ફીટીગ તથા વિવિધ વાલ્વ રીપેરીગ કરાવવાનાં લેબર કામગીરી કરાવવાનું કામ | નિયમાનુસાર તુલનાત્મક ત્રણ ભાવપત્ર આવેલ ન હોઇ રીટેન્ડરીગ કરવા પાત્ર. |
| ૩. | વારિગૃહ વિભાગ માટે કલોરિનેશન પ્લાન્ટ રીપેરીગ, કલોરિન ગેસ રીફીલીગ કરવા અને સોડિયમ હાઇપોકલોરાઇડ સોલ્યુશન સપ્લાય કરવાનું કામ. | ઉમિયા કેમીકલ્સ, મહેસાણાનું ભાવપત્રક મંજુર કરવાપાત્ર. |
| ૪. | વારિગૃહ વિભાગની મોટરો રીવાન્ડિંગ તથા પંપ સ્ટાર્ટર રીપેરીગ કરાવવાનું કામ | ચરોતર સબમર્સિબલ મોટર રીવાન્ડિંગ, પેટલાદ નું ભાવપત્રક મંજુર કરવાપાત્ર |

આમ, ઉપર જણાવેલ વિગતે અનુક્રમ નં. ૧ અને ૨ ના કામે રીટેન્ડરીગ કરવા તથા અનુક્રમ નં.૩ અને ૪ નાં કામનાં ભાવપત્રક મંજુર કરી મંજુર થતી એજન્સી પાસેથી કામગીરી કરાવી લેવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવા મે.ચીફ ઓફિસરશ્રીને અને રા.પ્રમુખશ્રીને સત્તા આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ જૈમિનીબેન. આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**નોંધઃ-**

**૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટેજ છે. જેને સત્તાKવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.**

**૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોયતો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.**

**કામ નં. (૪૪) :** પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ સર્વે નં.૪૨૭ વાળી જમીન વેચાણ આપવા અંગે આવેલ અરજી તથા પત્ર વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૪૫ / તા.૧૩/૧૦/૧૭**

મ્યુનિ. સભ્ય શ્રી ગોવિંદભાઇ. આર. તળપદા, શ્રીમતિ હેતલબેન. એ. પટેલનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ સર્વે નં.૪૨૭ વાળી જમીન વેચાણ આપવા અંગે આવેલ અરજી તથા પત્ર વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ સર્વે નં.૪૨૭ વાળી જગ્યા વેચાણ લેવા રૂપાશક્તિ ચેરીટેબલ એન્ડ એજયુકેશન ટ્રસ્ટ, પેટલાદ નાં પત્ર જાવક નં.:૧ તા.૦૫/૦૭/૨૦૧૭ થી મે. મામલતદારશ્રીને ઉદ્દેશીને પેટલાદનાં સર્વે નં.૪૨૭ વાળી જગ્યાની માંગણી કરતી અરજી કરવામાં આવેલ છે. જે પરત્વે મે.મામલતદાર કચેરી, પેટલાદ દ્વારા ઘટતી કાર્યવાહી હાથ ધરી સદર પ્લોટ પેટલાદ નગરપાલિકા હસ્તક હોઇ તેઓની કચેરીનાં પત્ર ક્રમાંક : જમન / ફાળવણી / વશી-૫૩૩૦-૩૧ તા.૩૧/૦૮/૨૦૧૭ થી અત્રેની કચેરીએ સામાન્ય સભામાં જરૂરી ઠરાવ અર્થે મોકલી આપવામાં આવેલ છે.

આ અંગે નિયમાનુસારની જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવા મે.ચીફ ઓફિસરશ્રીને અને રા.પ્રમુખશ્રીને સત્તા આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ જૈમિનીબેન. આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૪૫) :** સરકારશ્રી દ્વારા રોડ રીસર્ફેસીગ માટેની ફાળવેલ ગ્રાન્ટની રકમમાંથી શહેરનાં તુટી ગયેલ રસ્તાઓની મરામત કરાવવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૪૬ / તા.૧૩/૧૦/૧૭**

મ્યુનિ. સભ્ય શ્રી ગોવિંદભાઇ. આર. તળપદા, શ્રી પુનિતકુમાર. એમ. ડાભીનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

સરકારશ્રી દ્વારા રોડ રીસર્ફેસીગ માટેની ફાળવેલ ગ્રાન્ટની રકમમાંથી શહેરનાં તુટી ગયેલ રસ્તાઓની મરામત કરાવવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ જાહેર રસ્તાઓમાં વરસાદને કારણે ખાડા પડી ગયેલ છે જે વાહન વ્યવહાર માટે રીસર્ફેસીગ કરી રીપેરીગ કરવવા જરૂરી છે. સરકારશ્રીનાં ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ, ગાંધીનગરનાં દફતરી હુકમ ક્રમાંક : મફબ / **SJMMSVY** / ૨૦૧૭-૧૮ /ન.પા. / વરસાદી નુકશાન રસ્તા / ૨૦૧૭ / ૧૩૬૭૨ તા.૦૫/૦૯/૨૦૧૭ થી પેટલાદ નગરપાલિકાને રોડ રીસર્ફેસીગ સદર હેઠળ રૂા.૩૦.૦૦ લાખની ગ્રાન્ટની રકમ ફાળવવામાં આવેલ છે. સદર ફાળવેલ ગ્રાન્ટની રકમમાંથી પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં નુકશાન પામેલ રસ્તાનું મરામત તથા પેચવર્ક કરાવી રોડ રીસર્ફેસીગ નિયમાનુસારની પ્રક્રિયા હાથ ધરી કામગીરી કરાવવા ઠરાવવામાં આવે છે. સદર કામે તૈયાર થઇ આવેલ રૂા.૩૦,૨૪,૦૦૦/- નાં અંદાજીત ખર્ચ જોઇ તપાસી મંજુર કરવા ઠરાવવામાં આવે છે. ફાળવેલ ગ્રાન્ટ ઉપરાંત થનાર વધારાનો ખર્ચ પેટલાદ નગરપાલિકાનાં સ્વભંડોળમાંથી કરવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવા મે.ચીફ ઓફિસરશ્રીને અને રા.પ્રમુખશ્રીને સત્તા આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ જૈમિનીબેન. આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોંધઃ-

**૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટેજ છે. જેને સત્તાકવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.**

**ર). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોયતો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.**

**કામ નં. (૪૬) :** પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ કોલેજ ચોકડી પાસેનાં સર્કલ પર પી.પી.પી. મોડેલથી નાંખવામાં આવનાર વિજપોલ અને લાઇટોનાં વિજભારણ અંગે નિર્ણય થવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૪૭ / તા.૧૩/૧૦/૧૭**

મ્યુનિ. સભ્ય શ્રી જયેશભાઇ. કે. પટેલ, શ્રીમતિ હેતલબેન. એ. પટેલનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ કોલેજ ચોકડી પાસેનાં સર્કલ પર પી.પી.પી. મોડેલથી નાંખવામાં આવનાર વિજપોલ અને લાઇટોનાં વિજભારણ અંગે નિર્ણય થવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં કોલેજ ચોકડી પાસે આવેલ સર્કલને ડેવલોપ કરવા સામાન્ય સભામાં ઠરાવ કરવામાં આવેલ છે. જેમાં પી.પી.પી. મોડેલથી સર્કલની મધ્યમાં વિજપોલ ઊભો કરવામાં આવનાર છે. તેથી તેમાં બેસાડવામાં આવનાર એલ.ઇ.ડી. લાઇટનાં વિજ કનેકશન તથા કાર્યરત બાદ તેનું વિજ વપરાશી બીલ ભારણ વિગેરે ખર્ચ કરવાનો થાય. જે ખર્ચ નગરપાલિકાનાં સ્વભંડોળમાંથી કરવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવા મે.ચીફ ઓફિસરશ્રીને અને રા.પ્રમુખશ્રીને સત્તા આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ જૈમિનીબેન. આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૪૭) :** પેટલાદ નગરપાલિકાનાં નામદાર પેટલાદ કોર્ટમાં ચાલતાં કેસો પરત્વે વાર્ષિક રીટેઇનરશીપની ફી થી વકીલશ્રી રોકવા અંગે આવેલ અરજી તથા રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૪૮ / તા.૧૩/૧૦/૧૭**

મ્યુનિ. સભ્ય શ્રી અબરારબેગ. ડી. મિરઝાં, શ્રી રીફાકતખાન. એમ. પઠાણનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકાનાં નામદાર પેટલાદ કોર્ટમાં ચાલતાં કેસો પરત્વે વાર્ષિક રીટેઇનરશીપની ફી થી વકીલશ્રી રોકવા અંગે આવેલ અરજી તથા રીપોર્ટ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં પેટલાદ ખાતે આવેલ નામદાર સીવીલ કોર્ટ તથા નામદાર પ્રિન્સીપલ જજ સાહેબની કોર્ટમાં પેટલાદ નગરપાલિકાનાં વિવિધ વિભાગોનાં જુદા જુદા કેસ ચાલે છે. જેમાં સંસ્થા તરફે બચાવ રજૂ કરવા તથા મુદતોમાં હાજર રહેવા ગત વર્ષે રૂા.૧૦,૦૦૦/- ની વાર્ષિક રીટેઇનરશીપની ફી થી વકીલશ્રી તરીકે શ્રી ઇકબાલબેગ. એસ. મિરઝાંને રોકવામાં આવેલ હતાં. અને આ અગાઉનાં વર્ષોમાં પણ તેઓને રોકવામાં આવેલ હતાં. તેથી તેઓ નગરપાલિકાનાં તમામ કેસોથી વાકેફ છે અને અનુભવી પણ છે. તેથી નાણાંકીય વર્ષ ૨૦૧૭-૧૮ માટે પણ તેઓને રોકવા હિતાવહ જણાય છે. તેથી સને ૨૦૧૭-૧૮ નાં વર્ષ માટે રૂા.૧૦,૦૦૦/- ની વાર્ષિક રીટેઇનરશીપની ફી ની રકમથી વકીલ તરીકે શ્રી ઇકબાલબેગ. એસ. મિરઝાંને પેટલાદ ખાતેની નામદાર સીવીલ કોર્ટ ખાતે નગરપાલિકાનાં વકીલ તરીકે તેઓને રોકવા ઠરાવવામાં આવે છે. સદર કામે થનાર ખર્ચ નગરપાલિકાનાં સ્વભંડોળમાંથી કરવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવા મે.ચીફ ઓફિસરશ્રીને અને રા.પ્રમુખશ્રીને સત્તા આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ જૈમિનીબેન. આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોંધઃ-

**૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટેજ છે. જેને સત્તાાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.**

**ર). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોયતો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.**

**કામ નં. (૪૮) :** પેટલાદ નગરપાલિકાનાં સેનેટરી વિભાગમાં ઉપયોગમાં લેવામાં આવતાં પાવર લોડર વાહન નં.૭૨૧૩ વપરાશને કારણે બગડી જવાથી તેને રીપેરીગ કરાવવા અંગે કરેલ કાર્યવાહી તથા હુકમને બહાલી આપવા બાબતનું કામ

**ઠરાવ નં. ૪૯ / તા.૧૩/૧૦/૧૭**

મ્યુનિ. સભ્ય શ્રીમતિ કલ્પનાબેન. આર. પટેલ, શ્રીમતિ હેતલબેન. એ. પટેલનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકાનાં સેનેટરી વિભાગમાં ઉપયોગમાં લેવામાં આવતાં પાવર લોડર વાહન નં.૭૨૧૩ વપરાશને કારણે બગડી જવાથી તેને રીપેરીગ કરાવવા અંગે કરેલ કાર્યવાહી તથા હુકમને બહાલી આપવા બાબતનું કામ વંચાણમાં લીધું. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકાનાં સેનેટરી વિભાગમાં લેવલીગ કરવાનાં કામે ઉપયોગમાં લેવામાં આવતાં પાવર લોડર વપરાશને કારણે બગડી જવા પામેલ હતું જેથી તે પરત્વેની કામગીરી અટકી ન પડે તેવા શુભાશયથી તેનું રીપેરીગ કરાવવું આવશ્યક હતું તેથી પેટલાદ નગરપાલિકાનાં પાવર લોડરને રીપેરીગ કરાવવા અંગે સામાન્ય સભાની મંજુરીની અપેક્ષાએ કરેલ કાર્યવાહી તથા હુકમને બહાલી આપવા ઠરાવવામાં આવે છે. સદર કામે થનાર રૂા.૮,૦૦૦/- નાં ખર્ચને મંજુર કરવા ઠરાવવામાં આવે છે.આ અંગે આગળની જરૂરી કાર્યવાહી હાથ ધરવા મે.ચીફ ઓફિસરશ્રીને અને રા.પ્રમુખશ્રીને સત્તા આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ જૈમિનીબેન. આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૪૯) :** ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ દ્વારા પેટલાદ નગરપાલિકાને ફાળવવામાં આવેલ ૧૪ મા નાણાંપંચની ગ્રાન્ટની રકમમાંથી નગરપાલિકા હદ વિસ્તારમાં હાથ ધરવાનાં થતાં વિકાસનાં કામો કરવા અંગેની સત્તા મે. ચીફ ઓફિસરશ્રીને તથા રા.પ્રમુખશ્રીને અધિકાર આપવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૫૦ / તા.૧૩/૧૦/૧૭**

મ્યુનિ. સભ્ય શ્રી અબરારબેગ. ડી. મિરઝાં, શ્રી રીફાકતખાન. એમ. પઠાણનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ દ્વારા પેટલાદ નગરપાલિકાને ફાળવવામાં આવેલ ૧૪ મા નાણાંપંચની ગ્રાન્ટની રકમમાંથી નગરપાલિકા હદ વિસ્તારમાં હાથ ધરવાનાં થતાં વિકાસનાં કામો કરવા અંગેની સત્તા મે. ચીફ ઓફિસરશ્રીને તથા રા.પ્રમુખશ્રીને અધિકાર આપવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં સરકારશ્રીનાં ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ, ગાંધીનગર દ્વારા પેટલાદ નગરપાલિકાને ૧૪ મા નાણાંપંચ અંતર્ગત સામાન્ય સદરની રૂા.૧,૪૩,૨૮,૬૦૪/- તથા એસ. સી. એસ. પી. સદરની રૂા.૮,૩૨,૫૯૯/- મળી કુલ રૂા.૧,૫૧,૬૧,૨૦૩/- ની ગ્રાન્ટની રકમ તેઓની કચેરીનાં દફતરી હુકમ ક્રમાંક : મફબ / ગ્રુ - ૨ / ૧૪ મું નાણાંપંચ / પ્રથમ હપ્તો / ૨૦૧૭-૧૮ / ૧૧૫૯૭ તા.૧૬/૦૮/૨૦૧૭ થી ગ્રાન્ટની રકમ ફાળવવામાં આવેલ છે. સદર ફાળવેલ ગ્રાન્ટની રકમમાંથી પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં કરવાનાં થતાં વિકાસનાં કામો નક્કી કરવા તથા તે અંગેની આનુષાંગિક તમામ કાર્યવાહી હાથ ધરવા મે.ચીફ ઓફિસરશ્રીને તથ રા.પ્રમુખશ્રીને સત્તા આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ જૈમિનીબેન. આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોંધઃ-

૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટેજ છે. જેને સત્તાપવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોયતો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

* જરૂરી વિષયનાં કામો :-

**કામ નં. (૧) :** પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં જેત્રાનાં વડ પાસે આવેલ ટી.પી સ્કીમ નં.૩માં સમાવેશ થયેલ બસ સ્ટેન્ડથી કાળકાગેટ તરફનાં રસ્તા પર આવેલ કાચા કેબીનોને બદલે નવિન શોપિંગ સેન્ટર એક સીધી રેખામાં બનાવી આ કેબીન ધારકોને દુકાનો ફાળવવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૫૧ / તા.૧૩/૧૦/૧૭**

મ્યુનિ. સભ્ય શ્રી રીફાકતખાન. એમ. પઠાણ, શ્રી અબરારબેગ. ડી. મિરઝાંનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં જેત્રનાં વડ પાસે આવેલ ટી.પી સ્કીમ નં.૩ માં સમાવેશ થયેલ બસ સ્ટેન્ડથી કાળકા ગેટ તરફનાં રસ્તા પર આવેલ કાચા કેબીનોને બદલે નવિન શોપિંગ સેન્ટર એક સીધી રેખામાં બનાવી આ કેબીન ધારકોને ફાળવવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં જેત્રાનાં વડ પાસે આવેલ કાચા કેબીનોવાળી જગ્યા રસ્તા પૈકીની છે અને ટી.પી.સ્કીમ નં.૩ માં સમાવેશ થયેલ છે. આ કેબીનો ત્રિકોણાકારે આવેલ હોઇ બન્ને તરફનાં રસ્તાનાં વાહન વ્યવહારમાં નડતરરૂપ છે. તેથી તેને ખસેડી નવિન શોપિંગ સેન્ટર યોગ્ય જગ્યાએ એક સીધી લાઇનમાં બનાવી આ કેબીન ધારકોને ફાળવવામાં આવે તો રસ્તો પહોળો થાય અને બન્ને તરફનાં રસ્તાનો વાહન વ્યવહાર સરળતાથી થઇ શકે તેમ છે. અને આ વિસ્તારનાં ધંધા રોજગાર પણ વિકાસ પામે તેમ છે. જેથી પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં જેત્રાનાં વડ પાસે આવેલ કાચા કેબીનો દુર કરી નવિન શોપિંગ સેન્ટર નિયમાનુસારની પ્રક્રિયા હાથ ધરી બનાવવા ઠરાવવામાં આવે છે. આ અંગેની આનુષાંગિક તમામ કાર્યવાહી હાથ ધરવા મે.ચીફ ઓફિસરશ્રીને તથ રા.પ્રમુખશ્રીને સત્તા આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ જૈમિનીબેન. આર. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૨) :** પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ દેવકુવા ગફુરબસ્તીની સામેનાં ભાગમાં નગરપાલિકા હસ્તકનાં ટી.પી. સ્કીમ નં.૨ નાં ફા. પ્લોટ નં.૭૯/૧/૧ વાળા સરકારી પ્લોટમાં કોમ્યુનિટી હોલ બનાવવા અંગે આવેલ રીપોર્ટ તથા અરજી વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૫૨ / તા.૧૩/૧૦/૧૭**

મ્યુનિ. સભ્ય શ્રી ગુલામદસ્તગીર. એન. વહોરા, શ્રી રીફાકતખાન. એમ. પઠાણનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

